Monday
02.02.2026
*Volume :10 * Issue No.205
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય બજેટ ૨૦૨૬ પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના મંતવ્યો

## આ બજેટ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના આપણા પ્રવાસનો પાયો છેઃ પ્રધાનમંત્રી

કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો સંદેશ દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬ પર પોતાના મંતવ્યો શેર કર્યા હતા. આ પ્રસંગે બોલતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આજનું બજેટ ઐતિહાસિક છે અને તે રાષ્ટ્રની મહિલાઓની સશક્ત ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે હાઈલાઈટ કર્યું કે કેન્દ્રીય નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે, એક મહિલા નાણા મંત્રી તરીકે, સતત નવમી વખત દેશનું બજેટ રજૂ કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ બજેટ અપાર તકોનો હાઈવે છે, જે વર્તમાનના સપના પૂરા કરે છે અને ભારતના ઉજ્જ્વળ ભવિષ્યના પાયાને મજબૂત કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બજેટ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા તરફની ઊંચી ઉડાનનો આધાર છે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યુ હતું કે ભારત જે 'રિફોર્મ એક્સપ્રેસ' પર સવાર છે તેને આ બજેટ દ્વારા નવી ઊર્જા અને નવી ગતિ મળશે અને હાથ ધરવામાં આવેલા પથ-પ્રદર્શક સુધારાઓ ભારતના મહત્વાકાંક્ષી, હિંમતવાન અને પ્રતિભાશાળી યુવાનોને ઉડવા માટે ખુલ્લું આકાશ પૂરું પાડે છે. તેમણે વધુમાં ટિપ્પણી કરી કે બજેટ વિશ્વાસ-આધારિત શાસન અને માનવ-કેન્દ્રીય આર્થિક માળખાના વિઝનને સાકાર કરે છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ એક અનોખું બજેટ છે, જે રાજકોષીય ખાધ ઘટાડવા અને ફુગાવાને નિયંત્રિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે સાથે સાથે ઉચ્ચ મૂડી ખર્ચ (capital expenditure) અને ઉચ્ચ વૃદ્ધિ સુનિશ્ચિત કરે છે. પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે આ બજેટ ભારતની વૈશ્વિક ભૂમિકાને નવેસરથી મજબૂત કરે છે. તેમણે હાઈલાઈટ કર્યું કે ભારતના ૧૪૦ કરોડ નાગરિકો માત્ર સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનીને સંતુષ્ટ નથી, અને રાષ્ટ્ર જલ્દીથી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે દ્રઢ નિશ્ચયી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ કરોડો ભારતીયોનો સામૂહિક સંકલ્પ છે



**પ્રધાનમંત્રી**

- આ વર્ષનું બજેટ ભારતની રિફોર્મ એક્સપ્રેસને નવી ઊર્જા અને નવી ગતિ આપશેઃ
- ભારત માત્ર સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનીને સંતુષ્ટ નથી; ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માંગે છેઃ પ્રધાનમંત્રી
- આ વર્ષનું બજેટ મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત પહેલને નવી ગતિ આપવા માટે એક મહત્વાકાંક્ષી રોડમેપ રજૂ કરે છેઃ પ્રધાનમંત્રી
- આ વર્ષના બજેટમાં સ્જીસ્ઈજ ને જે સમર્થન મળ્યું છે તે તેમને લોકલથી ગ્લોબલ બનવા માટે નવી શક્તિ આપશેઃ પ્રધાનમંત્રી
- આ વર્ષનું બજેટ યુવા શક્તિ માટે છે, બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ વિવિધ ક્ષેત્રોમાં નેતાઓ, સંશોધકો અને સર્જકોને તૈયાર કરશેઃ પ્રધાનમંત્રી
- આ વર્ષનું બજેટ મહિલાઓ દ્વારા બનાવવામાં આવેલ અને સંચાલિત સ્વ-સહાય જૂથોની આધુનિક ઇકોસિસ્ટમને પ્રાધાન્ય આપે છે, તેનો ઉદ્દેશ્ય દરેક ઘર સુધી સમૃદ્ધિ પહોંચે તે સુનિશ્ચિત કરવાનો છેઃ પ્રધાનમંત્રી
- આ બજેટ મહત્વાકાંક્ષી છે અને દેશની આકાંક્ષાઓને સંબોધિત કરે છેઃ પ્રધાનમંત્રી

અને એક વિશ્વસનીય લોકશાહી ભાગીદાર અને વિશ્વસનીય ગુણવત્તાયુક્ત સપ્લાયર તરીકે ભારતની ભૂમિકા સતત વિસ્તરી રહી છે. તેમણે રેખાંકિત કર્યું કે ભારતે તાજેતરમાં જે મોટા વેપાર સોદાઓ કર્યા છે તેનો ઉદ્દેશ્ય દેશના યુવાનો અને નાના તથા મધ્યમ ઉદ્યોગોને મહત્તમ લાભ મળે તે સુનિશ્ચિત કરવાનો છે, અને આ બજેટમાં તે દિશામાં આગળ વધવા માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. બજેટ મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાનને વેગ આપવા માટે એક મહત્વાકાંક્ષી રોડમેપ રજૂ કરે છે તેના પર ભાર મૂકતા, શ્રી મોદીએ નોંધ્યું હતું કે બાયોફાર્મા શકિત મિશન, સેમિકન્ડકટર મિશન ૨.૦, ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ મેન્યુફેકચરિંગ સ્કીમ, રેર અર્થ કોરિડોરનું નિર્માણ, જટિલ ખનિજ ક્ષેત્રને મજબૂત કરવા, ટેકસટાઈલ સેકટરમાં નવી યોજનાઓ, હાઈ-ટેક ટૂલ ઉત્પાદનને પ્રોત્સાહન અને ચેમ્પિયન MSMEs ની તૈયારી જેવા સનરાઈઝ સેક્ટર્સને અપાયેલ અભૂતપૂર્વ સમર્થન ભવિષ્યવાદી છે અને દેશની વર્તમાન તથા ભવિષ્યની જરૂરિયાતોને સંબોધિત કરે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે નાના અને કુટીર ઉદ્યોગો સહિત સ્જીસ્ઈજ ને આપવામાં આવેલ સમર્થન તેમને લોકલથી ગ્લોબલ બનવા માટે સશક્ત બનાવશે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે બજેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા માટે કેટલાક મોટા પગલાં લે છે, જેમાં ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર, દેશભરમાં જળમાર્ગોનું વિસ્તરણ, હાઈ-સ્પીડ રેલ કોરિડોર, ટાયર-૨ અને ટાયર-૩ શહેરોના વિકાસ પર વિશેષ ધ્યાન અને શહેરો માટે મજબૂત આર્થિક પાયો પૂરો પાડવા મ્યુનિસિપલ બોન્ડને પ્રોત્સાહન સામેલ છે અને આ તમામ પગલાં વિકસિત ભારત તરફની મુસાફરીને વેગ આપશે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે કોઈપણ રાષ્ટ્રની સૌથી મોટી મૂડી તેના નાગરિકો છે, અને તાજેતરના વર્ષોમાં સરકારે તેમની ક્ષમતાઓ વધારવા માટે અભૂતપૂર્વ રોકાણ કર્યું છે અને કૌશલ્ય (skill), સ્કેલ (scale) અને ટકાઉપણું (sustainability)ને મજબૂત કરવાનો સતત પ્રયાસ રહ્યો છે. કેન્દ્રીય નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણના નિવેદનનું પુનરાવર્તન કરતા કે આ 'યુવા શક્તિ' નું બજેટ છે, શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ વિવિધ ક્ષેત્રોમાં નેતાઓ, સંશોધકો અને સર્જકોને તૈયાર કરશે અને મેડિકલ હબની સ્થાપના, સંલગ્ન આરોગ્ય વ્યાવસાયિકો, ઓડિયો-વિઝ્યુઅલ સહિતની 'ઓરેન્જ ઈકોનોમી' ને પ્રોત્સાહન, ગેમિંગ, પ્રવાસન અને ખેલો ઈન્ડિયા મિશનના પ્રોત્સાહન દ્વારા યુવાનો માટે નવી તકો ખુલશે. તેમણે નોંધ્યું કે ભારતને વિશ્વનું ડેટા સેન્ટર હબ બનાવવા માટે મોટી ટેક્સ રાહત જાહેર કરવામાં આવી છે. યુવાનોને વિશેષ અભિનંદન પાઠવતા તેમણે જણાવ્યું કે આ બજેટ રોજગાર નિર્માણને નોંધપાત્ર વેગ આપશે. પ્રધાનમંત્રીએ આનંદ વ્યક્ત કર્યો કે પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે ખાસ કરીને ઉત્તર પૂર્વમાં નક્કર પગલાં લેવામાં આવ્યા છે અને વિવિધ રાજ્યોને સશકત બનાવીને સંતુલિત વિકાસના પાયાને મજબૂત કરવામાં આવ્યો છે. ૧૦ કરોડથી વધુ મહિલાઓ સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી છે તેના પર ભાર મૂકતા શ્રી મોદીએ જણાવ્યું કે બજેટ મહિલા સંચાલિત અને મહિલા સંચાલિત સ્વ-સહાય જૂથો માટે આધુનિક ઈકોસિસ્ટમ બનાવવાને પ્રાથમિકતા આપે છે, જેનો ઉદ્દેશ્ય છે કે દરેક ઘર સમૃદ્ધિને આવકારે અને દરેક જિલ્લામાં વિદ્યાર્થિનીઓ માટે નવી હોસ્ટેલ બનાવવાની ઝુંબેશ શિક્ષણને વધુ સુલભ બનાવશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કૃષિ, ડેરી અને મત્સ્યઉદ્યોગને સરકાર દ્વારા હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે આ બજેટમાં નાળિયેર, કાજૂ, કોકો અને ચંદનના ઉત્પાદનમાં રોકાયેલા ખેડૂતો માટે મહત્વના પગલાં લેવામાં આવ્યા છે. તેમણે ટિપ્પણી કરીકે 'ભારતવિસ્તાર' (Bharat Vistaar) AI ટૂલ ખેડૂતોને તેમની પોતાની ભાષામાં માહિતી આપીને ઘણી મદદ કરશે અને મત્સ્યઉદ્યોગ અને પશુપાલનમાં સાહસિકતાને પ્રોત્સાહન આપવાથી ગામડાઓમાં રોજગારી અને સ્વ-રોજગારની વધુ તકો ઊભી થશે. પ્રધાનમંત્રીએ એમ કહીને સમાપન કર્યું કે આ બજેટ મહત્વાકાંક્ષી છે અને રાષ્ટ્રની આકાંક્ષાઓને સંબોધિત કરે છે. તેમણે ફરી એકવાર કેન્દ્રીય નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ અને તેમની ટીમને ભવિષ્યવાદી, સંવેદનશીલ બજેટ અને ગામડાઓ, ગરીબોઅને ખેડૂતોના કલ્યાણ માટે સમર્પિત બજેટ રજૂ કરવાબદલઅભિનંદનપાઠવ્યાહતા.

## કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે દરેક ભારતીય વતી, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી અને નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના વિઝનને પ્રતિબિંબિત કરતા અને આગામી ૨૫ વર્ષનો રોડમેપ રજૂ કરતા બજેટ માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા



કમલમ્,
કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે, દરેક ભારતીય વતી, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી અને નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના વિઝનને પ્રતિબિંબિત કરતા અને આગામી ૨૫ વર્ષનો રોડમેપ રજૂ કરતા બજેટ માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. ઠ પરની પોસ્ટ્સની શ્રેણીમાં, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે કહ્યું, "મેન્યુફેકચરિંગથી લઈને ઈન્ફ્રાસ્ટ્રકચર સુધી, આરોગ્યથી લઈને પ્રવાસન સુધી, ગ્રામીણ વિસ્તારોથી લઈને AI સુધી, રમતગમતથી લઈને તીર્થસ્થાનો સુધી, વિકસિત ભારત બજેટ એવું છે જે દરેક ગામ, દરેક શહેર અને દરેક નગરમાં યુવાનો, મહિલાઓ અને ખેડૂતોના સપનાઓને સશક્ત અને સાકાર કરે છે. દરેક ભારતીય વતી, PM શ્રી નરેન્દ્ર મોદીજી અને નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીને આ બજેટ માટે હાર્દિક અભિનંદન, જે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણને પ્રતિબિંબિત કરે છે અને આગામી ૨૫ વર્ષનો રોડમેપ રજૂ કરે છે." શ્રી અમિત શાહે કહ્યું, "હું પ્રધાનમંત્રી મોદીજીને વિકસિત ભારત બજેટ દ્વારા સ્થાપિત કરવામાં આવેલા નોંધપાત્ર સીમાચિહ્ન બદલ અભિનંદન આપું છું, જે નાણાકીય સમજદારી સાથે વૃદ્ધિ અને વિકાસને આગળ વધારવાની મોદી સરકારની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે. આ બજેટ રાજકોષીય ખાધને ૪.૫% થી નીચે રાખવાના લક્ષ્યને પૂર્ણ કરે છે." કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું, "બજેટ ૨૦૨૬-૨૭ દ્વારા, પ્રધાનમંત્રી મોદીજીએ સાબિત કર્યું છે કે આત્મનિર્ભર અને વિકસિત ભારત એ માત્ર સૂત્ર નથી, પરંતુ અમારી સરકારનો દ્રઢ સંકલ્પ છે. આ બજેટ માત્ર દરેક ક્ષેત્ર, દરેક વર્ગ અને દરેક નાગરિકને સશક્ત બનાવવા માટેની સ્પષ્ટ બ્લૂપ્રિન્ટ પૂરી પાડતું નથી, પરંતુ તેમને દરેક ડગલે પ્રોત્સાહિત કરવા અને ટેકો આપવા માટે વ્યવહારુ, ઓન-ધ-ગ્રાઉન્ડ વિઝન પણ પ્રદાન કરે છે. વિકસિત ભારત બજેટ એવા ભારતનું નિર્માણ કરવાનું વિઝન છે જે દરેક ક્ષેત્રમાં વિશ્વનું નેતૃત્વ કરે." શ્રી અમિત શાહે કહ્યું, "વિકસિત ભારત બજેટ ભારતને એક એવા રાષ્ટ્ર તરીકે મૂર્ત સ્વરૂપ આપે છે જે તેની પોતાની શક્તિઓ પર અટલ વિશ્વાસ સાથે ઉભરતા આર્થિક પાવર સેન્ટર તરીકે તેની નવી ઓળખ બનાવી રહ્યું છે. કોવિડ પછી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીની દૂરંદેશી આર્થિક નીતિઓએ ભારતીય અર્થતંત્રને વેગ આપ્યો છે. વિકસિત ભારત બજેટ પરંપરાગતથી લઈને નવા જમાનાના ક્ષેત્રોની વિશાળ શ્રેણી માટે વિશ્વના સૌથી આકર્ષક રોકાણ સ્થળ તરીકે વૈશ્વિક મંચ પર ભારતની સ્થિતિને મજબૂત કરવા માટે વેગ આપે છે." કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું, "વિકસિત ભારત બજેટ મૂડીખર્ચ (capital expenditure) માટે ૧૨.૨ લાખ કરોડની ફાળવણી કરીને મોટા શહેરોની બહાર વિકાસ પહોંચાડવાના મોદીજીના ફ્યુચર રેડી ભારતના વિઝનને વેગ આપે છે. નવા રેલ કોરિડોર, રાષ્ટ્રીય જળમાર્ગો અને સુધારેલી કનેક્ટિવિટી દ્વારા ટીયર ૨ અને ટીયર ૩ શહેરો સુધી પહોંચવાનું લક્ષ્ય રોજગારીની વૃદ્ધિને પ્રોત્સાહન આપશે અને ભારતની આકાંક્ષાઓને નવી ઊંચાઈઓ પર લઈ જશે." શ્રી અમિત શાહે કહ્યું, "વિકસિત ભારત બજેટ ભારતમાં કનેક્ટિવિટીને અભૂતપૂર્વ વેગ આપશે. આજે જાહેર કરવામાં આવેલા સાત હાઈ-સ્પીડ રેલ કોરિડોરનો હેતુ ઈન્ટર-સિટી કનેક્ટિવિટીને સુપરચાર્જ કરવાનો અને આપણા દેશના મુખ્ય આર્થિક અને વસ્તી કેન્દ્રો વચ્ચે મુસાફરીના સમયમાં ઘટાડો કરવાનો છે." કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું, "એક ઐતિહાસિક નિર્ણયમાં, વિકસિત ભારત બજેટે મહાત્મા ગાંધીના ગ્રામ સ્વરાજના સ્વપ્નને સાકાર કરવા માટે "મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ યોજના" શરૂ કરી છે. આનાથી ગ્રામીણ અર્થતંત્ર મજબૂત થશે અને વણકરો, ખેડૂતો અને હેન્ડલૂમ ઉદ્યોગને નવો ટેકો મળશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં નાળિયેર પ્રોત્સાહન યોજના (Coconut PromOion Scheme), જેનાથી ૩ કરોડ ખેડૂતોને ફાયદો થશે; કાજુ અને કોકોના ઉત્પાદન અને નિકાસને વધારવાનો આગ્રહ અને ચંદનના સંરક્ષણનો નિર્ણય એ બધું જ દર્શાવે છે કે મોદીજી ખેડૂતોની સમૃદ્ધિ અને ખેતીને નફાકારક સાહસ બનાવવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.'" શ્રી અમિત શાહે કહ્યું, "MSMEs ને ભારતની વૃદ્ધિની વાર્તાના ચેમ્પિયન બનાવવા માટે વિકસિત ભારત બજેટ ૧૦,૦૦૦ કરોડના ગ્રોથ ફંડ સાથે ત્રિપાંખીય માળખા દ્વારા અર્થતંત્રને પાયાના સ્તરેથી ગતિશીલ બનાવવાના મોદીજીના વિઝનને સાકાર કરે છે. આ જોગવાઈ ટીયર ૨ અને ટીયર ૩ શહેરોમાં MSMEs ને માળખાગત વ્યવસાયિક સહયોગ (handholding) દ્વારા તેમના લક્ષ્યો સુધી પહોંચવા માટે પ્રેરિત કરશે." કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું, "વિકસિત ભારત બજેટમાં પશુપાલન દ્વારા ખેડૂતોની આવક વધારવાનો દૂરંદેશી નિર્ણય લેવામાં આવ્યો છે. પશુચિકિત્સકોની સંખ્યામાં વધારો કરીને અને પશુચિકિત્સા કેન્દ્રો અને તાલીમ કેન્દ્રોનો વિસ્તાર કરીને પશુપાલન આધારિત અર્થતંત્રને મજબૂત બનાવવામાં આવશે. ડેરી અને મરઘા પાલન ક્ષેત્ર માટે ક્રેડિટ-લિંક્ડ સબસિડી પૂરી પાડવા, ૫૦૦ તળાવોના વિકાસ દ્વારા મત્સ્ય પાલનને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક બજારો સુધી પહોંચ પૂરી પાડવા જેવા નિર્ણયો ખેડૂતોની આવક વધારવાના મોદી સરકારના સંકલ્પમાં મુખ્ય સીમાચિહ્નરૂપ સાબિત થશે". શ્રી અમિત શાહે કહ્યું, "વિકસિત ભારત બજેટમાં ધોળાવીરા સહિત ૧૫ પુરાતત્વીય સ્થળોને સાંસ્કૃતિક સ્થળો તરીકે વિકસાવવાનો મોદી સરકારનો નિર્ણય વૈશ્વિક મંચ પર ભારતની પ્રાચીન સંસ્કૃતિને પ્રસ્થાપિત કરશે. પાંચ પૂર્વોત્તર રાજ્યોમાં બૌદ્ધ સર્કિટનું નિર્માણ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર અને અરાકુ ઘાટીમાં પર્વતીય માર્ગો (mountain trails) નો વિકાસ અને ઓડિશા, કર્ણાટક અને કેરળમાં ટર્ટલ ટ્રેલ્સ (કાચબાના માર્ગો) આ પ્રદેશોમાં વિકાસને નવો વેગ આપશે અને ઈકો-ટૂરિઝમને પ્રોત્સાહન આપશે. વધુમાં, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોસ્પિટાલિટીની સ્થાપના યુવાનોને કૌશલ્ય અને રોજગારીની તકો પૂરી પાડશે અને પ્રવાસન ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે." કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું, "વિકસિત ભારત બજેટ શિક્ષણથી લઈને સ્વ-રોજગાર સુધીના મોદીજીના વિઝનનું શક્તિશાળી પ્રતિબિંબ છે. મુખ્ય ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ કોરિડોરની આસપાસ પાંચ યુનિવર્સિટી ટાઉનશિપનો વિકાસ શિક્ષણ-ઉદ્યોગના એકીકરણને પ્રોત્સાહન આપશે. તે જ સમયે, ચાર ટેલિસ્કોપ ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓનું નિર્માણ અને અપગ્રેડેશન સંશોધનનો નવો વેગ આપશે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન, ૧૫,૦૦૦ માધ્યમિક શાળાઓ અને ૫૦૦ કોલેજોમાં છફ઼ઞ લેબની સ્થાપના અને "એજ્યુકેશન ટુ એમ્પ્લોયમેન્ટ એન્ડ એન્ટરપ્રાઈઝ" પર ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના નવી પેઢીને કૌશલ્ય-સજ્જ બનાવવા અને દરેક ક્ષેત્રમાં નેતૃત્વ કરતું ભારત બનાવવાનો સંકલ્પ પ્રતિબિંબિત કરે છે." શ્રી અમિત શાહે કહ્યું કે વિકસિત ભારત બજેટ આપણા યુવાનોની શક્તિનો ઉપયોગ કરીને દેશને સમૃદ્ધિના નવા યુગમાં લઈ જઈ રહ્યું છે. આ માટે ૧૫,૦૦૦ શાળાઓમાં કન્ટેન્ટ ક્રિએશન તાલીમ શરૂ કરવામાં આવી છે અને સસ્તું રમતગમત સાધનો પૂરા પાડવા માટે વિશેષ પહેલ શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે સેમિકન્ડકટર, IT, ટેકસટાઈલ, હોસ્પિટાલિટી, ટૂરિઝમ અને કોર્પોરેટ કમ્પ્લાયન્સ જેવા ક્ષેત્રોમાં યુવા કારકિર્દી શરૂ કરીને બજેટ તેમની પ્રગતિના વાહનને વેગ આપીરહ્યું છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું, "વિકસિત ભારત બજેટ નવા કનેક્ટિવિટી કોરિડોર ખોલીને કનેક્ટિવિટીને આગલા સ્તર પર લઈ જઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ૨૦ નવા રાષ્ટ્રીય જળમાર્ગો અને પૂર્વમાં દાનકુનીને પશ્ચિમમાં સુરત સાથે જોડતો ફ્રેઈટ કોરિડોર વેપાર અને વાણિજ્ય માટે સમૃદ્ધિના નવા માર્ગો ખોલશે."શ્રી અમિત શાહે કહ્યું, "વિકસિત ભારત બજેટ પ્રધાનમંત્રી મોદીના સ્વસ્થ ભારતના વિઝનને સાકાર કરવા તરફનું એક મોટું પગલું છે. તેમણે કહ્યું કે ૧૦,૦૦૦ કરોડની બાયોફાર્મા શક્તિ યોજના, ૧,૦૦૦ ટ્રાયલ સાઈટ્સ, કેન્સરની ૧૭ દવાઓ પર કસ્ટમ ડ્યુટી મુક્તિ, દિવ્યાંગો માટે સહાયક સાધનો, માનસિક સ્વાસ્થ્ય માટે NIMHANS-2 પહેલ અને પાંચ મેડિકલ ટૂરિઝમ સેન્ટરો આરોગ્ય સંભાળને વધુ સુલભ બનાવશે."કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું, "મોદી સરકાર મહિલાઓને શિક્ષિત કરવા, સમૃદ્ધ બનાવવા અને સશકત બનાવવા માટે સતત કામ કરી રહી છે. વિકસિત ભારત બજેટમાં દરેક જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલ ખોલવાની યોજના આપણી બહેનોને શિક્ષણ માટે વધુ સારી અને સુરક્ષિત પહોંચ પૂરી પાડશે. મહિલાઓને "લખપતિ દીદી" બનાવ્યા પછી, મોદી સરકાર હવે મહિલાઓ માટે SHE માર્ટ્સ ખોલવા તરફ આગળ વધી રહી છે. આ રિટેલ આઉટલેટ્સ મહિલાઓને એન્ટરપ્રાઈઝ માલિકો બનાવવા માટે મજબૂત પાયો બનાવશે. વધુમાં, She-Mark બેજ લોન્ચ થવાથી મહિલાઓ માટે ધિરાણ મેળવવાની સરળતા સુનિશ્ચિત થશે."

# કેન્દ્રિય બજેટ ૨૦૨૬: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દૂરંદેશી નેતૃત્વ દ્વારા કૃષિ, ગ્રામિણ અર્થતંત્ર અને સહકારી ક્ષેત્રને નવી ઉડાન: દિલીપ સંઘાણી

## કેન્દ્રિય બજેટ ૨૦૨૬: ખેડૂતો, ગ્રામિણ અર્થતંત્ર અને સહકારી આંદોલનને સશક્ત બનાવવા માટેનું ઐતિહાસિક પગલું છેઃ દિલીપ સંઘાણી







## New Tax Regime માં ઈન્ટર-કોપરેટિવ ડિવિડેન્ડ પર છૂટ આપવામાં આવી જે સહકારી આંદોલનોની ક્ષમતા અને વિસ્તારને મજબૂત બનાવશેઃ દિલીપ સંઘાણી

કમલમ્,
કેન્દ્રિય બજેટ ૨૦૨૬ નું સ્વાગત કરતાં દેશના વરિષ્ઠ સહકારી નેતા અને ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ કહ્યું કે, આ બજેટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ "સર્વજન હિતાય, સર્વજન સુખાય" ના આદર્શને સાકાર કરતાં ભારતને "વિકસિત ભારત @2047" ના લક્ષ્યની દિશામાં મજબૂતીથી આગળ લઈ જનાર બજેટ છે. આ બજેટ ખેડૂતો, ગ્રામિણ અર્થતંત્ર અને સહકારી આંદોલનને સશક્ત બનાવનાર ઐતિહાસિક પગલું છે. કૃષિ ક્ષેત્રમાં AI આધારિત જમીનપરીક્ષણ (Soil Testing), ડિજિટલ માર્કેટપ્લેસ, આધુનિક ટેકનિકનો સમાવેશ અને કૃષિ લોનના લક્ષ્યોને રેકોર્ડ સ્તર સુધી વધારવું તથા ખેડૂતોની આવક વધારવા માટે નિર્ણયાત્મક પગલું છે. પશુપાલન ક્ષેત્રના આધુનિકીકરણથી ગ્રામિણ આજીવીકા ને નવી મજબૂતી મળશે અને દેશના કૃષિ આધારિત ઉદ્યોગોને આત્મનિર્ભરતા મળશે. સહકારી ક્ષેત્રને નવી દિશા આપવા માટે અધિસૂચિત રાષ્ટ્રીય સહકારી સંગઠનોને ૩ વર્ષ સુધી લાભાંશ પર કર છૂટ, તેમજ New Tax Regime માં ઈન્ટર-કોપરેટિવ ડિવિડેન્ડ પર છૂટ આપવામાં આવવી, સહકારી આંદોલનોની ક્ષમતા અને વિસ્તાર ને મજબૂત બનાવશે. જે વડાપ્રધાન મોદીજીના "સહકાર થી સમૃદ્ધિ" વિઝનને વધુ પ્રબળ બનાવે છે. IFFCO એ વિશ્વની પ્રતિષ્ઠિત સહકારી સંગઠનોમાંની એક, ભારતીય કૃષિ અને સહકારી આંદોલનનો પ્રતિનિધિ સ્તંભ છે. ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ હંમેશાં ખેડૂતો અને સહકારી સમુદાયના વિકાસ માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. અંતે, શ્રી દિલીપ સંઘાણીએ કહ્યું કે, કુલ મળીને કેન્દ્રિય બજેટ ૨૦૨૬ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની નેતૃત્વ ક્ષમતા, નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીની આર્થિક વિચારધારા, સહકારી મંત્રી શ્રી અમિતભાઈ શાહજીની સહકારી દષ્ટિ અને કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણજીના ખેડૂત-કેન્દ્રિત નિર્ણયોનું સંયુક્ત પરિણામ છે. આ બજેટ ન માત્ર કૃષિ અને ગ્રામિણ ભારત માટે, પરંતુ સમગ્ર દેશની આત્મનિર્ભરતા, વિકાસ અને સશકત સહકારી આંદોલન માટે નિર્ણાયક સાબિત થશે તેમ જણાવ્યું.

## અધિસૂચિત રાષ્ટ્રીય સહકારી સંગઠનોને ૩ વર્ષ સુધી લાભાંશ પર કર છૂટ નિર્ણય આવકાર્ય છે : દિલીપ સંઘાણી

## તંત્રી સ્થાનેથી......

ભારત સરકારના આયુષ મંત્રાલય હેઠળના સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદિક સાયન્સ (CCRAS) એ ૩૦ જાન્યુઆરીના રોજ આયુષમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પરનો તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. ૧૫ ડિસેમ્બરથી શરૂ થયેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય આયુષ સંશોધનમાં માહિતી ટેકનોલોજી અને ડેટા-આધારિત અભિગમોના ઉપયોગને મજબૂત બનાવવાનો હતો. આ તાલીમ માટે કુલ ૧૮૦ અરજીઓ પ્રાપ્ત થઈ હતી, જેમાંથી ૩૩ વિદ્યાર્થીઓની પસંદગી વ્યવસ્થિત સ્ક્રીનીંગ પ્રક્રિયા પછી કરવામાં આવી હતી. પસંદ કરાયેલા તાલીમાર્થીઓ મુખ્યત્વે નવી દિલ્હી અને તેની આસપાસની એન્જિનિયરિંગ સંસ્થાઓમાંથી હતા. આ કાર્યક્રમ આયુષ પ્રણાલીઓ સંબંધિત વિવિધ ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ઉપયોગનો વ્યવહારુ અનુભવ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો. તાલીમ દરમિયાન, સહભાગીઓએ ઔષધીય વનસ્પતિઓ પર સંશોધન, બાયોઈન્ફોર્મેટિક્સ, પ્રકૃતિ મૂલ્યાંકન, તબીબી ઈમેજિંગ, મુદ્રાશોધ અને હસ્તપ્રતોના ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નિશન (OCR) સહિત વિવિધ છે-આધારિત પ્રોજેક્ટ્સ પર કામ કર્યું. આ પ્રોજેક્ટ્સ CCRAS ના ડિજિટલ દસ્તાવેજીકરણ, પુરાવા નિર્માણ અને પરંપરાગત જ્ઞાન પ્રણાલીઓના ટેકનોલોજી-આધારિત માન્યતાના વ્યાપક ઉદ્દેશ્યો સાથે સુસંગત હતા. આ કાર્યક્રમે એક ઈન્ટરેક્ટિવ અને આંતરશાખાકીય શિક્ષણ વાતાવરણ પૂરું પાડ્યું, જે તાલીમાર્થીઓને આધુનિક કોમ્પ્યુટેશનલ સાધનો સાથે પરંપરાગત આયુષ ખ્યાલોને એકીકૃત કરવામાં મદદ કરે છે. સંબંધિત ક્ષેત્રના નિષ્ણાતોના માર્ગદર્શનથી સહભાગીઓમાં નવીનતા, વિવેચનાત્મક વિચારસરણી અને વ્યવહારુ સમસ્યા-નિરાકરણને પ્રોત્સાહન મળ્યું. આ તાલીમ કાર્યક્રમ આયુષ સંશોધન અને વિકાસમાં યુવા પ્રતિભાને સામેલ કરીને અને અદ્યતન તકનીકોના ઉપયોગને પ્રોત્સાહન આપીને ક્ષમતા નિર્માણ, નવીનતા અને સંસ્થાકીય મજબૂતીકરણ પ્રત્યે CCRAS ની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પહેલ એક મજબૂત સંશોધન ઈકોસિસ્ટમના નિર્માણમાં ફાળો આપશે અને પુરાવા-આધારિત અને ટેકનોલોજી-આધારિત અભિગમો દ્વારા આયુષને મુખ્ય પ્રવાહમાં લાવવાના લાંબા ગાળાના દ્રષ્ટિકોણને સમર્થન આપશે તેવી અપેક્ષા છે. આ કાર્યક્રમનું સંકલન CCRAS મુખ્યાલય ખાતેના IT સેલના ઓફિસર-ઈન-ચાર્જ ડૉ. રાકેશ નારાયણ વી., શ્રી નમન ગોયલ, શ્રી સાહિલ, ડૉ. ગગનદીપ અને અન્ય ટેકનિકલ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સમાપન સત્રને CCRAS ના ડાયરેક્ટર જનરલ (DG) પ્રો. રવિનારાયણ આચાર્ય દ્વારા સંબોધિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે CCRAS ના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (DDG) ડૉ. એન. શ્રીકાંત, કાઉન્સિલના વરિષ્ઠ અધિકારીઓ અને સંશોધન અધિકારીઓ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ તાલીમાર્થીઓના પ્રયાસોની પ્રશંસા કરી અને આયુષ પ્રણાલીઓમાં પુરાવા-આધારિત સંશોધનને મજબૂત બનાવવામાં ઉભરતી તકનીકોના વધતા મહત્વ પર ભાર મૂક્યો. પ્રોફેસર આચાર્યએ આયુષ ક્ષેત્રને આગળ વધારવામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વ્યૂહાત્મક મહત્વ પર પ્રકાશ પાડ્યો અને આ ક્ષેત્રમાં CCRAS ની ચાલી રહેલી પહેલોની રૂપરેખા આપી. તેમણે ભાર મૂક્યો કે તાલીમ દરમિયાન વિકસિત એપ્લિકેશનોને વ્યવસ્થિત, પ્રોજેક્ટ-આધારિત અમલીકરણ દ્વારા વધુ માન્ય અને વિસ્તૃત કરવી જોઈએ.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા "શ્રી કમલમ" ખાતે નવનિયુકત જીલ્લા હોદેદારોના પરિચય બેઠક તેમજ પદગ્રહણ અને ભવ્યાતીભવ્ય અભિવાદન સમારોહ યોજાયો.

કમલમ્,

રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં "શ્રી કમલમ" રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે રાજકોટ જીલ્લા ભાજપના નવનિયુક્ત જીલ્લા હોદેદારોની પરિચય બેઠક તેમજ પદગ્રહણ અને અભિવાદન સમારોહમાં ભારતીય સંસ્કૃતિ પ્રમાણે નવનિયુક્ત હોદેદારોને ઢોલ-નગારા બેન્ડ તેમજ કુમકુમ તિલક ચાંદલો અને ફૂલહારથી કાર્યાલયે સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાએ નવનિયુક્ત હોદેદારોને શુભકામનાઓ પાઠવી તેમજ દરેકનું વ્યક્તિગત પરિચય અપાવી, હોદેદારોને એકબીજાથી માહિતી આપ-લે કરાવી પરિચિત કરાવ્યા. આ કાર્યક્રમ અંતર્ગત નવનિયુક્ત હોદેદારોના વ્યક્તિગત પરિચયો તેમજ તેમના પદગ્રહણ અને શુભચિંતકો દ્વારા શુભેચ્છાઓ સાથે અભિવાદન સન્માન કરવામાં આવ્યું. નવનિયુક્ત હોદેદારો સોંપવામાં આવેલી જવાબદારીઓ સારી રીતે વહન કરે અને રાજકોટ જીલ્લો અવિરત વિકાસ સાથે વિશ્વાસ કેળવી પ્રગતી સિદ્ધિના શિખરો સર કરે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હોદેદારો પોતાના કાર્યક્ષેત્રમાં આવતી કામગીરી ખુબ જ નિષ્ઠાપૂર્વક વહન કરે તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. નવનિયુકત હોદેદારોમાં રાજકોટ જીલ્લા ભાજપ માળખામાં મહામંત્રી તરીકે શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી હરેશભાઈ હેરભા, શ્રી રવિભાઈ માંકડિયા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ તરીકે શ્રી પ્રફુલભાઈ ટોળીયા સાથે જામકંડોરણા તાલુકા ભાજપના પ્રભારી, શ્રી જયેશભાઈ ત્રિવેદી ઉપલેટા તાલુકા ભાજપના પ્રભારી, શ્રી મનોજભાઈ રાઠોડ જસદણ તાલુકા ભાજપના પ્રભારી, શ્રી સુરેન્દ્રસિંહ વાળા ભાયાવદર શહેર ભાજપના પ્રભારી, શ્રી રાજુભાઈ બાલધા ધોરાજી તાલુકા ભાજપના પ્રભારી, શ્રી રીનાબેન ભોજાણી જેતપુર શહેર ભાજપના પ્રભારી, શ્રી કાજલબેન ગોંડલીયા પડધરી તાલુકા ભાજપના પ્રભારી, શ્રી રેખાબેન ડાભી ઉપલેટા શહેર ભાજપના પ્રભારી, રાજકોટ જીલ્લા ભાજપ મંત્રી તરીકે શ્રી સતીશભાઈ ભીમજીયાણી લોધિકા તાલુકા ભાજપના પ્રભારી, શ્રી શૈલેષભાઈ અજાણી ગોંડલ શહેર ભાજપના પ્રભારી, શ્રી મુકેશભાઈ મેર ગોંડલ તાલુકા ભાજપના પ્રભારી, શ્રી પ્રવીણભાઈ હેરમા કોટડાસાંગાણી તાલુકા ભાજપના પ્રભારી, શ્રી સુધાબેન ગોહેલ જેતપુર તાલુકા ભાજપના પ્રભારી, શ્રી મનીષાબેન સંચાણીયા રાજકોટ તાલુકા ભાજપના પ્રભારી, શ્રી ભારતીબેન સાંકળીયા જસદણ શહેર ભાજપના પ્રભારી, શ્રી અનીતાબેન ચૌહાણ ધોરાજી શહેર ભાજપના પ્રભારી, રાજકોટ જીલ્લા ભાજપ કોષાધ્યક્ષ તરીકે શ્રી મહેશભાઈ વાણીયા વિંછીયા તાલુકા ભાજપના પ્રભારી, જીલ્લા કાર્યાલય મંત્રી તરીકે રાજેન્દ્રભાઈ ધારૈયા, જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાજશ્રી રાજુભાઈ ગોંડલીયા, જીલ્લા આઈ.ટી.ઈન્ચાજશ્રી વિનોદભાઈ દક્ષિણી, જીલ્લા સોશિયલ મીડિયા ઈન્ચાજશ્રી નીખીલભાઈ વડગામા, જીલ્લા ભાજપ યુવા મોરચાના પ્રભારી તરીકે શ્રી ડો. દિપકભાઈ પીપળીયા, પ્રમુખ તરીકે શ્રી દેવભાઈ કોરડીયા, મહામંત્રી તરીકે શ્રી કિશનભાઈ ઠુંમર, શ્રી સુરજભાઈ ડેર, જીલ્લા મહિલા મોરચાના પ્રભારી તરીકે શ્રી રીનાબેન ભોજાણી, પ્રમુખ તરીકે અનીતાબેન રૂપારેલીયા, મહામંત્રી તરીકે શ્રી મોનાબા પરમાર, શ્રી પ્રવિણાબેન રાઠોડ, જીલ્લા બક્ષીપંચ મોરચાના પ્રભારી તરીકે નવીનપરી ગૌસ્વામી, પ્રમુખ તરીકે શ્રી દેવરાજભાઈ સરવૈયા, મહામંત્રી તરીકે શ્રી રમેશભાઈ ગર, શ્રી ગોવિંદભાઈ કિહલા, જીલ્લા કિસાન મોરચાના પ્રભારી વલ્લભભાઈ ઝાપડિયા, પ્રમુખ તરીકે શ્રી મયુરભાઈ શિંગાળા, મહામંત્રી તરીકે શ્રી ડેનીષભાઈ હદવાણી, શ્રી અનીલભાઈ મકાણી, જીલ્લા અનુસુચિતજાતી મોરચાના પ્રભારી તરીકે શ્રી ડો. બીપીનભાઈ સાવલિયા, પ્રમુખ તરીકે શ્રી નરોત્તામભાઈ પરમાર, મહામંત્રી તરીકે શ્રી બાલુભાઈ વિન્ઝુડા, શ્રી જયભાઈ સાગઠીયા, જીલ્લા લઘુમતી મોરચાના પ્રભારી તરીકે વિશાલભાઈ ફાગલીયા, પ્રમુખ તરીકે શ્રી અસલમભાઈ મલેક, મહામંત્રી તરીકે શબ્બીરભાઈ ગરાણા, શ્રી આબેદીનભાઈ હિરાણી, મંડલના પ્રભારીઓ તરીકે ઉપલેટા શહેર ભાજપના પ્રભારીશ્રી હરસુખભાઈ માંકડિયા, ઉપલેટા તાલુકા ભાજપના પ્રભારી મહાવીરસિંહ વાળા, ભાયાવદર શહેર ભાજપના પ્રભારીશ્રી જયસુખભાઈ ઠેસિયા, ધોરાજી શહેર ભાજપના પ્રભારી ઉપેન્દ્રસિંહ ચુડાસમા, ધોરાજી તાલુકા ભાજપના પ્રભારીશ્રી જયસુખભાઈ પાદરીયા, જામકંડોરણા તાલુકા ભાજપના પ્રભારીશ્રી કમલેશભાઈ વરુ, જેતપુર શહેર ભાજપના પ્રભારીશ્રી રાજશીભાઈ હુંબલ, જેતપુર તાલુકા ભાજપના પ્રભારીશ્રી યોગેશભાઈ કયાડા, ગોંડલ શહેર ભાજપના પ્રભારીશ્રી અનિરુધ્ધસિંહ ડાભી, ગોંડલ તાલુકા ભાજપના પ્રભારીશ્રી જીગ્નેશભાઈ હીરપરા, કોટડાસાંગાણી તાલુકા ભાજપના પ્રભારીશ્રી ભરતસિંહ જાડેજા, લોધિકા તાલુકા ભાજપના પ્રભારીશ્રી મનોજભાઈ પેઢડીયા, રાજકોટ તાલુકા ભાજપના પ્રભારીશ્રી મધુભાઈ છાયાણી, પડધરી તાલુકા ભાજપના પ્રભારીશ્રી વલ્લભભાઈ શેખલીયા, જસદણ શહેર ભાજપના પ્રભારીશ્રી અમૃતભાઈ કોરડીયા, જસદણ તાલુકા ભાજપના પ્રભારીશ્રી જયેશભાઈ કાકડિયા, વિંછીયા તાલુકા ભાજપના પ્રભારીશ્રી પંકજભાઈ ચાંવ સહીતના કાર્યકર્તાને જીલ્લા સ્તરની જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

# મહેસાણા ખાતે લિંગાનુપાત સુધારણા વિષયક જિલ્લા સ્તરીય મલ્ટી- સ્ટેકહોલ્ડર સંવેદનશીલતા વર્કશોપ યોજાયો

### વર્કશોપમાં લિંગાનુપાત સુધારણા માટે જ્ઞાનવર્ધન અને સંયુક્ત એક્શન પ્લાન પર ભાર મુકાયો



કમલમ્, મહેસાણા,

કલેક્ટરશ્રી એસ.કે. પ્રજાપતિ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જેસ્મીનના માર્ગદર્શન હેઠળ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ભરત સોલંકીના આયોજન થકી Girls Count (UNFPA) ના સહયોગથી ગ્રાન્ડ તુલસી હોટેલ, મહેસાણા ખાતે સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી "લિંગ આધારિત લિંગપસંદગી અને વિકૃત લિંગાનુપાત" વિષયક જિલ્લા સ્તરીય સંવેદનશીલતા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં જિલ્લા સ્તરે સંયુક્ત એક્શન પ્લાન તૈયાર કરવા અંગે પરિસંવાદ યોજી ઉપસ્થિત સભ્યો પાસેથી વિવિધ મુદ્દાઓ અંગે મૂલ્યવાન સૂચનો તથા ભલામણો મેળવવામાં આવ્યા હતા. વર્કશોપ દરમિયાન જન્મ સમયે લિંગાનુપાત (SRB) ના તાજેતરના પ્રવાહો, પુત્ર પસંદગી તથા પુત્રી અવગણનાની માનસિકતા, લિંગ આધારિત લિંગપસંદગી, લિંગાનુપાતમાં ઘટાડાના કારણો અને તેની સામાજિક અસરો, PC&PNDT તથા MTP અધિનિયમ અંગે સ્પષ્ટતા, સફળ જનકેન્દ્રિત અભિયાન અને સમુદાય આધારિત પહેલોની સમીક્ષા, તેમજ IMA, IRIA, FOGSI સહિત અન્ય હિતધારકો સાથે સહયોગના ક્ષેત્રોની ઓળખ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ જિલ્લામાં લિંગાનુપાતમાં સુધારો લાવવા માટે જ્ઞાનવર્ધન, વિભાગીય સંકલન તથા સંયુકત કાર્યવાહી મજબૂત બનાવવાનો રહ્યો હતો. આ વર્કશોપ દ્વારા જિલ્લામાં લિંગાનુપાત સુધારણા માટે તમામ હિતધારકોની ભાગીદારી સાથે સંકલિત અને અસરકારક પગલાં લેવા માટે મજબૂત પાયો રચાયો હોવાનું જણાવવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં PC&PNDT કમિટીના ચેરમેનશ્રી આયેશાબેન, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ભરત સોલંકી, Girls Count (UNFPA) ના નેશનલ કોઓર્ડિનેટર રીઝવાન પરવેઝ, દીપક કપૂરી, ડૉ. પંકજ નિમ્બાલકર, ડૉ. વાય.ટી.પટેલ, તથા કમિટીના સભ્યો, જિલ્લા સ્તરીય મલ્ટી-સ્ટેકહોલ્ડર્સ તેમજ જિલ્લાના વિવિધ NGO ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રૂ. ૫. ૨૮ કરોડના ખર્ચે નિર્મિત થયેલા સણીયા કણદે ગામના તળાવના બ્યુટીફિકેશન પ્રોજેક્ટનું લોકાર્પણ કરતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષસંઘવી




કમલમ્, સુરત

ગુજરાત શહેરી વિકાસ મિશન (GUDM), ગાંધીનગરની ગ્રાંટમાંથી ચોયાસી તાલુકાના સણીયા કણદે ગામે સુડા દ્વારા તૈયાર થયેલા રૂ.૫.૨૮ કરોડના ખર્ચે તળાવના બ્યુટીફિકેશન પ્રોજેક્ટનું નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે નાયબ મુખ્યમંત્રીએ તળાવની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સૌને સાથે મળીને કાર્ય કરવાનો અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ડિંડોલી અને આસપાસના વિસ્તારો માટે ગૌરવ લઈ શકાય તેવા આ તળાવને સાચવવાની જવાબદારી આપ સૌ ગ્રામવાસીઓની છે. ગ્રામજનો, ખાસ કરીને બાળકો અને યુવાનો માટે આ પ્રોજેકટમાં વિશેષ કાળજી લેવામાં આવી હોવાનુ તેમણે કહ્યું હતું. આ તળાવનુ નવીનીકરણ થવાથી આસપાસના રહીશો માટે હરવા-ફરવાનું ઉત્તમ સ્થળ મળી રહેશે. આ પ્રોજેકટ અંતર્ગત નાગરિકોની સુવિધા અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને અદ્યતન વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. તળાવની સુરક્ષા માટે ચેઈન લિંક સાથેની કમ્પાઉન્ડ વોલ અને પેરીફેરી પર રેલિંગ લગાવવામાં આવી છે, જ્યારે મોર્નિંગ વોકર્સ માટે તળાવના ઉપર અને નીચેના ભાગે જોગિંગ ટ્રેક તથા પેવર બ્લોક વોક-વે તૈયાર કરાયા છે. રાત્રિના સમયે તળાવની શોભા વધારવા માટે ન્ઈદ્ઘ સ્ટ્રીટ લાઈટ્સ અને આઈલેન્ડ બ્યુટીફિકેશનનું કામ પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, મુલાકાતીઓ માટે આકર્ષક એન્ટ્રી ગેટ, આરામ કરવા માટે ગઝેબો અને બાંકડા તેમજ ટોયલેટ બ્લોક જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત રમતગમતના સાધનો અને યુવાનો તેમજ વડીલો માટે કસરતના સાધનો મૂકવામાં આવ્યા છે. આ લોકાર્પણ પ્રસંગે ચોયાસી વિધાનસભાના ધારાસભ્ય શ્રી સંદિપભાઈ દેસાઈ, પરિવહન સમિતિના ચેરમેન સોમનાથ મરાઠે અને સણીયા-કણદે ગ્રામ પંચાયતના સરપંચ શ્રી જશપાલસિંહ સોલંકી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ૨ ફેબ્રુઆરી, વિશ્વ વેટલેન્ડ દિવસ ૨૦૨૬: ગુજરાતની જળ-વિરાસતમાં પાંચમું રત્ન ઉમેરાયું, કચ્છનું 'છારી-ઢંઢ' હવે રામસર સાઈટ

### પૃથ્વીની 'કિડની' સમાન જળપ્લાવિત વિસ્તારોના સંરક્ષણમાં ગુજરાતનું વૈશ્વિક અંકન



**કચ્છથી ઉત્તર પ્રદેશ સુધી વિસ્તાર: છારી-ઢંઢ અને પટના પક્ષી અભયારણ્યનો રામસર સાઇટ્સમાં સમાવેશ, ૧૩.૮૪ લાખ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું સુરક્ષિત કુદરતી કવચ**

### અમૃતકાળમાં ભારતની પર્યાવરણીય ક્રાંતિ: ૯૮ રામસર સાઇટ્સ સાથે ભારત દક્ષિણ એશિયાનું પર્યાવરણ લીડર બન્યું

કમલમ્, સુરેન્દ્રનગર

"રેલાય છે જ્યાં કુદરતની હેલી, એ જ છે આપણી વેટલેન્ડની શૈલી; જળ છે તો જીવન છે, અને વેટલેન્ડ છે તો પૃથ્વીનું સંતુલન છે." દર વર્ષે ૨ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ વેટલેન્ડ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. વેટલેન્ડ્સ એટલે કે જળપ્લાવિત વિસ્તારો પૃથ્વીની ઈકોસિસ્ટમનો એક અનિવાર્ય હિસ્સો છે, જે જૈવવિવિધતા જાળવવામાં અને પર્યાવરણના સંતુલનમાં પાયાની ભૂમિકા ભજવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ જળાશયો, નદીઓ, કાદવ-કીચડવાળા વિસ્તારો અને દરિયાકાંઠાના ભાગોના સંરક્ષણ માટે જાગૃતિ લાવવાનો છે. ૧૯૭૧ માં ઈરાનના 'રામસર' શહેરમાં વેટલેન્ડ્સના સંરક્ષણ માટે એક આંતરરાષ્ટ્રીય સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેને 'રામસર સંમેલન' તરીકે ઓળખવામાં આવે છે. ભારત આ સંધિમાં ૧૯૮૨ માં જોડાયું હતું અને ત્યારથી દેશમાં વેટલેન્ડ્સના સંરક્ષણ માટેના પ્રયત્નો અમૃતકાળમાં નવી ઊંચાઈએ પહોંચ્યા છે. સમગ્ર વિશ્વ જ્યારે 'વિશ્વ વેટલેન્ડ દિવસ'ની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે ભારત પર્યાવરણના જતન અને વિકાસના સંતુલિત મોડેલ તરીકે વૈશ્વિક ફલક પર ઉભરી આવ્યું છે. વેટલેન્ડ્સ જેને આપણે જળપ્લાવિત વિસ્તારો કહીએ છીએ, તે માત્ર પાણીના સંગ્રહસ્થાનો નથી પરંતુ તે પૃથ્વીની જૈવિક પ્રક્રિયાઓનું હૃદય છે. રામસર શહેરમાં થયેલી સંધિ બાદ વેટલેન્ડ્સના સંરક્ષણ માટે જે આંતરરાષ્ટ્રીય અભિયાન શરૂ થયું હતું, તેને ભારતે છેલ્લા દાયકામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એક નવી ઊંચાઈ આપી છે. ભારતની આ વિકાસયાત્રા હવે પ્રકૃતિના સંરક્ષણ સાથે અતૂટ રીતે જોડાઈ ગઈ છે.

**વર્ષ ૨૦૨૬ની વિશેષ થીમ અને સાંસ્કૃતિક વારસો**

વર્ષ ૨૦૨૬ માટેની થીમ "Wᵃlands and Traditional Knowledge: Celebrtaing Cultural Herrtiage" એટલે કે "વેટલેન્ડ્સ અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાની ઉજવણી" ભારતની અસ્મિતા સાથે સીધી જોડાયેલી છે. ભારતની સભ્યતા હજારો વર્ષોથી નદીઓ અને સરોવરોના કિનારે ફૂલીફાલી છે. આપણા પૂર્વજો પાસે જળ સંચય અને જળપ્લાવિત વિસ્તારોની જાળવણીનું જે પરંપરાગત જ્ઞાન હતું, તેને આધુનિક વિજ્ઞાન સાથે જોડવાનો પ્રયાસ સરકાર કરી રહી છે. આ થીમ હેઠળ માત્ર પર્યાવરણીય પાસાઓ જ નહીં, પણ સ્થાનિક આદિવાસી સમુદાયો અને ગ્રામીણ જનતાની તે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક આસ્થાને પણ ઉજાગર કરવામાં આવી છે, જેઓ પેઢીઓથી આ કુદરતી સ્ત્રોતોના સાચા રક્ષક રહ્યા છે.

**ભારતની રામસર સાઇટ્સની ઐતિહાસિક સિદ્ધિ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં રામસર સાઈટ્સની સંખ્યા સતત વધી રહી છે. ભારતની રામસર સાઈટ્સની સંખ્યામાં થયેલો અભૂતપૂર્વ વધારો એ સરકારની પર્યાવરણીય કટિબદ્ધતાનો જ્વલંત પુરાવો છે. જાન્યુઆરી ૨૦૨૬ સુધીની વિગતો મુજબ, તાજેતરમાં ગુજરાતમાં કચ્છના 'છારી-ઢંઢ' અને ઉત્તર પ્રદેશના 'પટના પક્ષી અભયારણ્ય'નો રામસર સાઈટ્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત હવે કુલ ૯૮ રામસર સાઈટ્સ ધરાવે છે, જે દક્ષિણ એશિયાના કોઈપણ દેશની સરખામણીએ સૌથી વધુ છે. આ સાઈટ્સ અંદાજે ૧૩.૮૪ લાખ હેક્ટર વિસ્તારને આવરી લે છે. પશ્ચિમ બંગાળનું 'સુંદરબન' તેના વિશાળ મેન્ગ્રોવ્સ સાથે ભારતનું સૌથી મોટું વેટલેન્ડ છે, જ્યારે હિમાચલ પ્રદેશનું 'રેણુકા સરોવર' સૌથી નાનું હોવા છતાં જૈવવિવિધતાની દ્રષ્ટિએ અત્યંત સમૃદ્ધ છે. આ આંકડાઓ ભારતની ઈકો-સિસ્ટમની મજબૂતીનું પ્રતિબિંબ પાડે છે.

**ગુજરાતનું ગૌરવ: 'છારી-ઢંઢ'નું વૈશ્વિક અંકન**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શન હેઠળ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યમાં વેટલેન્ડ્સના સંરક્ષણ માટે નક્કર કામગીરી કરવામાં આવી રહી છે. આ વર્ષે ગુજરાત માટે ગૌરવની ક્ષણ એ છે કે, કચ્છના બન્ની અને મોટા રણની વચ્ચે આવેલું 'છારી-ઢંઢ' હવે ભારતની ૯૮મી રામસર સાઈટ તરીકે વિશ્વના નકશા પર અંકિત થયું છે. છારી-ઢંઢ એટલે 'ખારાશવાળું સરોવર', જે ચોમાસા દરમિયાન હજારો એકર વિસ્તારમાં ફેલાઈ જાય છે. આ વિસ્તારની વિશેષતા એ છે કે તે અત્યંત લુપ્તપ્રાય વનસ્પતિઓ જેવી કે 'ગૂગળ' અને 'કડાયો'નું આશ્રયસ્થાન છે.

**છારી-ઢંઢની જૈવવિવિધતા અને સ્થાનિક રક્ષકો**

અહીં દર વર્ષે શિયાળામાં ૩૦,૦૦૦થી વધુ 'કોમન ક્રેન' કુંજ પક્ષીઓ મધ્ય એશિયાથી હજારો માઈલનું અંતર કાપીને આવે છે. આ ઉપરાંત, ગંભીર રીતે લુપ્ત થતી પ્રજાતિ 'સોશિયેબલ લેપવિંગ' અને 'કોમન પોચાર્ડ' જેવા પક્ષીઓ માટે આ સુરક્ષિત આવાસ છે. આ વેટલેન્ડની જૈવવિવિધતા એટલી સમૃદ્ધ છે કે તે સાઉદી અરેબિયા અને અન્ય દેશોના પક્ષીઓને પણ આકર્ષે છે, જે 'સેન્ટ્રલ એશિયન ફ્લાયવે'માં ભારતની ભૂમિકાને સુનિશ્ચિત કરે છે. કચ્છના બન્ની વિસ્તારના માલધારીઓ પેઢીઓથી છારી-ઢંઢના રક્ષક રહ્યા છે. તેમનું પશુપાલન અને કુદરત સાથેનું સહઅસ્તિત્વ જ આ વેટલેન્ડ્સને જીવંત રાખે છે. સરકાર દ્વારા અહીં ઈન્વેસિવ સ્પીસીઝના નિયંત્રણ માટે સ્થાનિક સમુદાયો અને દર્દના સહયોગથી વિશેષ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. ૮૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું આ ક્ષેત્ર ચોમાસામાં વરસાદી પાણીથી ભરાય છે અને શિયાળો આવતા જ પક્ષીઓના કલરવથી ગુંજી ઉઠે છે.

**ગુજરાતની પંચરત્ન રામસર સાઇટ્સ**

ગુજરાતની પાંચ રામસર સાઈટ્સ રાજ્યની ભૌગોલિક વિવિધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે:

૧. નળ સરોવર: પેલિકન અને ફ્લેમિંગો માટે વિશ્વવિખ્યાત.
૨. થોળ પક્ષી અભયારણ્ય: ખેતી અને પ્રકૃતિના અદ્ભુત તાલમેલનું પ્રતીક.
૩. વઢવાણા: ગાયકવાડી શાસનની જળ-વ્યવસ્થાનની દૂરંદેશીનું પ્રતીક.
૪. ખીજડીયા: મીઠા અને ખારા પાણીના સંગમવાળું અજોડ નિવસનતંત્ર.
૫. છારી-ઢંઢ: રણ અને જળનું અનોખું મિલનસ્થાન.

સરકાર માને છે કે, વિકાસ પર્યાવરણના ભોગે ન હોવો જોઈએ. વડાપ્રધાનની 'અમૃત ધરોહર' યોજના હેઠળ આ સાઈટ્સની આસપાસના લોકોના પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરી સંરક્ષણ કરવામાં આવે છે. આ તમામ સ્થળોએ ડ્રોન સર્વેલન્સ, સેટેલાઈટ મેપિંગ અને આક્રમક વનસ્પતિઓના નિયંત્રણ માટે સરકાર દ્વારા સઘન એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. પ્રકૃતિના સંરક્ષણ વગર માનવજાતનું અસ્તિત્વ અશક્ય છે. વેટલેન્ડ્સ માત્ર સુંદરતાનું પ્રતીક નથી, પરંતુ તે ક્લાયમેટ ચેન્જ સામે લડવામાં આપણા સૌથી મોટા સાથી છે. ગુજરાત સરકાર વેટલેન્ડ્સને 'પૃથ્વીની કિડની' તરીકે ગણે છે, જે પાણીને શુદ્ધ કરી ભૂગર્ભ જળના સ્તરને ઊંચા લાવે છે. આ વિસ્તારો પૂર નિયંત્રણમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. રાજ્ય સરકારની સંકલ્પબદ્ધતાને કારણે આજે કચ્છના રણથી લઈને મધ્ય ગુજરાત સુધીની જળ વિરાસત વધુ સુરક્ષિત અને સમૃદ્ધ બની છે. 'વિકાસ પણ, વિરાસત પણ'ના મંત્ર સાથે પ્રકૃતિના આ અમૂલ્ય વારસાને આગામી પેઢીઓ માટે અકબંધ રાખવા સરકાર કટિબદ્ધ છે.

આમ, વિશ્વ વેટલેન્ડ દિવસ એ માત્ર એક દિવસની ઉજવણી નથી, પરંતુ તે પર્યાવરણીય ન્યાય અને ટકાઉ વિકાસ તરફનું એક મક્કમ ડગલું છે. આપણે આપણી કુદરતી વિરાસતને આધુનિક ભારતની પ્રગતિ સાથે જોડીને એક હરિયાળા ભવિષ્યનું નિર્માણ કરીએ. આવો, આપણે સૌ સાથે મળીને આ પ્રકૃતિના 'જળ-તીર્થો'નું જતન કરીએ અને આવનારી પેઢીને હરિયાળું તથા સુરક્ષિત ગુજરાત ભેટમાં આપીએ.

# સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ તૈયબજીની ૧૭૨મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા ખાતે પુષ્પાંજલિ અર્પણ કરાઈ



કમલમ્,

ભારતના સ્વાતંત્ર્ય સેનાની શ્રી અબ્બાસ શમશુદીન તૈયબજીની આજે ૧૭૨ મી જન્મ જયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા દ્વારા વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં સહભાગી થવા બદલ વિધાનસભા સચિવ શ્રી ચેતન પંડ્યાના હસ્તે એસ.વી.અંગ્રેજી મીડિયમ શાળાના વિદ્યાથીઓ-શિક્ષકોને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રિટા મહેતા, નાયબ સચિવ સર્વે શ્રી હર્ષિલ પટેલ, શ્રી ચૌધરી સહિત ઉચ્ચ અધિકારીઓ- કર્મચારીઓ તેમજ ગાંધીનગરની એસ.વી.અંગ્રેજી મીડિયમના વિદ્યાથીઓ- શિક્ષકોએ શ્રી તૈયબજીના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

**શ્રી અબ્બાસ શમશુદીન તૈયબજીનો પરિચય:**

ધર્મપ્રેમી, પ્રામાણિક, ન્યાયી અને ખુદાની બંદગી કરનાર શ્રી તૈયબજીનો જન્મ તા.૦૧ ફેબ્રુઆરી ૧૮૫૪ના રોજ વડોદરામાં થયો હતો. તેઓએ વર્ષ ૧૮૭૯-૧૯૧૩ દરમિયાન ૩૪ વર્ષ સુધી મહારાજા સયાજીરાવ ગાયકવાડના વડોદરા રાજ્યમાં ન્યાય ખાતામાં સેવા આપી તેમજ સયાજીરાવ ગાયકવાડના અંગત મિત્ર બન્યા. વર્ષ ૧૯૧૯માં જલિયાંવાલા બાગ હત્યાકાંડની તપાસ સમિતિમાં ગાંધીજી દ્વારા તેમની પસંદગી કરવામાં આવી હતી.

વર્ષ ૧૯૨૧માં 'ટિળક સ્વરાજ ફાળો' ઉઘરાવવામાં ખેડા જિલ્લાના રૂા. ૯૦ હજારના ફાળાની સામે રૂા.૧.૧૫ લાખનો ફાળો એકઠો કર્યો હતો. વર્ષ ૧૯૨૮ની 'ના-કર'ની લડતમાં સક્રિય થવાથી ધારાસણા સત્યાગ્રહમાં ધરપકડ થતાં છ માસની જેલ પણ થઈ હતી. શ્રી તૈયબજીનું તા.૦૯ મે ૧૯૩૬ના રોજ વડોદરા ખાતે અવસાન થયું હતું.



કમલમ્,

સરસ્વતી તાલુકાના કાંસા ગામ ખાતે સુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદા નદીનું પાવન પાણી ગામના તળાવમાં સફળતાપૂર્વક પહોંચ્યું તે પ્રસંગે આયોજિત વધામણાં કાર્યક્રમ હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થયો. ગામના તળાવમાં નર્મદાના પાણીના આગમનથી સમગ્ર ગામમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી અને ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત દ્વારા પરંપરાગત રીતે પાણીનું વધામણું કરવામાં આવ્યું. કાંસા ગામના તળાવમાં નર્મદાના પાણી આવવાથી પશુપાલન, ખેતી અને રોજિંદા જીવન માટે જરૂરી પાણીની સુવિધા મજબૂત બનશે. આ યોજના માત્ર પાણી પૂરું પાડે છે એટલું જ નહીં પરંતુ ગામના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. આ પ્રસંગે શ્રી કે સી પટેલ સાહેબ, શ્રી સ્નેહલભાઈ પટેલ, શ્રી ગિરિશભાઈ મોદી, શ્રી બળદેવભાઈ દેસાઈ, શ્રી મહિપતસિંહ રાજપૂત, શ્રી ઈશ્વરભાઈ દેસાઈ, શ્રી પ્રહલાદજી ઠાકોર, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી ભાવેશભાઈ, શ્રી ઉમેદભાઈ ચૌધરી, શ્રી રમેશભાઈ દેસાઈ, શ્રી રણછોડભાઈ ચૌધરી, શ્રી લાલજીભાઈ દેસાઈ, ચેતનાબા રાજપૂત તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જીનાં નિર્ણાયક નેતૃત્વમાં માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજી દ્વારા દેશનાં સર્વાંગીણ વિકાસને ગતિ આપતા કેન્દ્રીય બજેટ વર્ષ ૨૦૨૬-૨૭ નું બજેટ લોકસભામાં રજૂ કરવા માં આવ્યું જેનું જીવંત પ્રસારણ ગોકુલ મદયસ્થ કાર્યાલય, સિદ્ધપુર ખાતે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે તેમજ નગરપાલિકા પ્રમુખ & ઉપપ્રમુખ, નગરપાલિકાના સદસ્યો, તાલુકા ભાજપ પ્રમુખ & ઉપપ્રમુખ, સંગઠનના હોદ્દેદારો, વરિષ્ઠ આગેવાનો અને પદાધિકારીશ્રીઓ નિહાળ્યું. આ બજેટ છેવાડાના માનવીના ઉત્થાન, યુવાશક્તિને પ્રોત્સાહન, ખેડૂત કલ્યાણ અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપનારું 'અમૃત બજેટ' છે.



કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નિર્ણાયક નેતૃત્વમાં કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ જી દ્વારા રજૂ કરવામાં આવેલ કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ બાદ ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે પ્રેસ કોન્ફરન્સ કરી પત્રકારો સાથે સંવાદ કર્યો. #ViksitBharatBudget માં દેશના દરેક ક્ષેત્ર, દરેક વર્ગ અને દરેક નાગરિકને કેન્દ્રમાં રાખીને નીતિઓ ઘડવામાં આવી છે. આ બજેટ ફક્ત યોજનાઓની જાહેરાતો પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમના અસરકારક અમલીકરણ માટે વ્યવહારુ અને પાયાનું વિઝન પણ પૂરું પાડે છે, આ બજેટ વિકાસના લાભો સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પણ પહોંચે તે સુનિશ્ચિત કરે છે. આ બજેટ દરેક ગામ, નગર અને શહેરના નાગરિકોના સપનાઓને સશક્ત બનાવે છે, તેમને સાકાર કરવા માટે જરૂરી સંસાધનો, તકો અને આત્મવિશ્વાસ પૂરો પાડે છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને મૂળમાં રાખીને, આ બજેટ આગામી ૨૫ વર્ષના વિકાસ માટે એક મજબૂત રોડમેપ રજૂ કરે છે, જે ભારતને વૈશ્વિક મંચ પર દરેક ક્ષેત્રમાં અગ્રણી બનાવવા માટે માર્ગદર્શક સાબિત થશે. આ દૂરંદેશી, જન કલ્યાણકારી અને રાષ્ટ્રનિર્માણલક્ષી બજેટ રજૂ કરવા માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી અને માનનીય કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીને હાર્દિક અભિનંદન સહ હૃદયપૂર્વક આભાર.

# મોદી સરકારનું ૧૩મું બજેટ રજૂ

## નિર્મલા સીતારમનનું સતત ૯મું બજેટ




કમલમ્,રાજપીપલા

કેન્દ્ર સરકારની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર દ્વારા આજે ૧૩મું કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવ્યું. નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા રજૂ થયેલું આ સતત ૯મું બજેટ છે. આ પહેલાં પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈએ કુલ ૧૦ વખત બજેટ રજૂ કર્યું હતું. કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટી ૨૦૧૪થી સત્તામાં છે. વર્ષ ૨૦૧૪થી ૨૦૨૬ દરમિયાન ભાજપ સરકાર દ્વારા લોકસભામાં કુલ ૧૪ બજેટ રજૂ કરવામાં આવ્યા છે. જેમાં નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા ૯, અરુણ જેટલી દ્વારા ૪ અને પીયૂષ ગોયલ દ્વારા ૧ વખત બજેટ રજૂ કરવામાંઆવ્યું છે. વર્ષ ૨૦૨૬ માટે રજૂ થયેલા બજેટમાં અનેક મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાં દેશના મોટા પ્રવાસન સ્થળો પર ૧૦ હજાર ટુરિસ્ટ ગાઈડ તૈયાર કરવાની યોજના, કેન્સરને લગતી ૧૭ જેટલી દવાઓની આયાત પર કસ્ટમ ડ્યુટીમાં ઘટાડો, ગંભીર રોગોની અન્ય ૭ દવાઓની ખરીદી પર કરમાં રાહત, રૂ. ૨૦ લાખથી ઓછી વિદેશી સંપત્તિ અંગે જાણકારી ન આપવાના કેસમાં કોઈ દંડ નહીં તથા દેશના દરેક જિલ્લામાં એક ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ કરવાની જાહેરાતનો સમાવેશ થાય છે. આ પ્રસંગે કમલમ, રાજપીપલા ખાતે નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નિલ રાવ, જિલ્લા પંચાયત નર્મદા ના પ્રમુખ ભીમસિંહભાઈ તડવી, જિલ્લા ઉપપ્રમુખ અનિરુદ્ધસિંહ ગોહિલ, જિલ્લા મહામંત્રી વિક્રમભાઈ તડવી, રાજપીપલા શહેર પ્રમુખ અજિત પરીખ, તિલકવાળા તાલુકા પ્રમુખ ગૌરાંગ બારીયા, સાગબારા તાલુકા પ્રમુખ રોહન વસાવા સહિત ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ બજેટનું નિહાળન કર્યું હતું. જ્યારે નાંદોદના ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ સામાજિક કાર્ય અર્થે બહાર હોવાને કારણે હાજર રહી શક્યા ન હતા. બીજી તરફ, સાંસદ મનસુખ વસાવા તથા સાંસદ જશુભાઈ રાઠવા બજેટ રજૂઆત દરમિયાન લોકસભામાં હાજર રહ્યા હતા.

# અંબાજી ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવ તૃતીય દિવસ

## ગાંધીનગર જિલ્લાના માણસા અને કલોલ તાલુકાના ૭૪૪ માઈ ભક્તો ૧૫ બસો દ્વારા અંબાજી પરિક્રમા માટે રવાના



કમલમ્,

યાત્રાધામ અંબાજી ખાતે આયોજિત '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'ના ત્રીજા દિવસે શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ જોવા મળી રહ્યો છે. આ મહોત્સવમાં સહભાગી થવા માટે આજે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાંથી ૭ બસોમાં કુલ ૩૪૩ ભકતો અને કલોલ તાલુકામાંથી ૮ બસો થકી ૪૦૧ ભકતોએ પરિક્રમા માટે આજે સવારે પ્રસ્થાન કર્યું છે.આમ કુલ ૭૪૪ માઈ ભક્તો ૧૫ વિશેષ બસો દ્વારા અંબાજી પહોંચશે. અંબાજી શક્તિપીઠ પરિક્રમા માટે માણસા અને કલોલ તાલુકાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાંથી ભકતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. નગરજનો અંબાજી પરિક્રમાનો આ ઉત્સાહ જોતા વહીવટી તંત્ર દ્વારા ભક્તોની સુવિધા માટે કુલ ૧૫ એસ.ટી. બસોની ફાળવણી કરવામાં આવી છે.જેથી ભક્તો પવિત્ર પરિક્રમાનો લ્હાવો લઈ શકે. માણસા અને કલોલથી રવાના થયેલી બસોને સ્થાનિક આગેવાનો અને વહીવટી અધિકારીઓ દ્વારા પ્રસ્થાન કરાવાયું હતું. "બોલ માડી અંબે, જય જય અંબે" ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે. અંબાજી પહોંચ્યા બાદ આ તમામ ભકતો પવિત્ર ગબ્બર પરિક્રમા પથ પર આવેલા વિવિધ શક્તિપીઠોના દર્શન કરશે અને સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ મહાઆરતીનો લ્હાવો લેશે.

# દેવભૂમિ દ્વારકા: CISF દ્વારા સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત થીમ સાથે આયોજિત "વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન-૨૦૨૬"

## વાડીનાર નજીક ઝાંખર પાટિયા ખાતેથી રાષ્ટ્રીય સુરક્ષા અને એકતાના સંદેશને પ્રસરાવતી સાયકલોથોનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું



કમલમ્,

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) દ્વારા રાષ્ટ્રીય સલામતી અને એકતાના સંદેશ અને સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત થીમ સાથે આયોજિત "વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન-૨૦૨૬"નું આજરોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઝાંખર પાટિયા ખાતેથી લીલીઝંડી આપી ફ્લેગઓફ કરવામાં આવ્યું હતું. આ તકે આયોજિત કાર્યક્રમમાં CISF યુનિટના જવાનો દ્વારા સાયકલ યાત્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમજ ગ્રામજનોએ આ સાયકલ યાત્રાને ઢોલના નાદ સાથે વધાવી હતી. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ કિનારાની આ ટીમે ૨૮ જાન્યુઆરીએ કચ્છના ઐતિહાસિક લખપત કિલ્લાથી પ્રસ્થાન કર્યું હતું. આશરે ૬,૫૦૦ કિમી લાંબી આ યાત્રામાં કુલ ૧૩૦ જેટલા સાયકલોવીરો કે જેમાં ૫૦ ટકા જેટલી મહિલા સાયકલોવીરોની ભાગીદારીએ 'સ્ત્રીશક્તિ'નું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ભારતની દરિયાઈ સીમાઓની સુરક્ષામાં CISF ની ભૂમિકા અત્યંત મહત્વની છે. આ સાયકલોથોનનો મુખ્ય આશય સમુદ્ર તટીય વિસ્તારોમાં માછીમારો અને યુવાનોમાં જાગૃતિ લાવવા અને રાષ્ટ્રીય સુરક્ષાને વધુ મજબૂત બનાવવાનો છે. આ તકે ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી સંદીપ ચક્રવતી, ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી અર્ચિત ખેતાન, આસિસ્ટન્ટ કમાન્ડન્ટ શ્રી પ્રવીણ કુમાર, સ્થાનિક અગ્રણી શ્રી સિદ્ધરાજસિંહ જાડેજા, કેસરજી ચુડાસમા સહિત સ્થાનિક ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા.

# મહેસાણા ખાતે જિલ્લા પ્રભારી સચિવ શ્રી ધનંજય દ્વિવેદીના અધ્યક્ષસ્થાને જિલ્લાની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ

## SIR, ગામતળ દરખાસ્ત, જનસેવા કેન્દ્ર ખાતે આવેલ અરજીઓ, જિલ્લા - તાલુકા સ્વાગતમાં રજૂ કરવામાં આવેલ પ્રશ્નો, વિકાસ પ્રોજેક્ટ સહિતની બાબતો સંદર્ભે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી



કમલમ્,મહેસાણા,

મહેસાણા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા પ્રભારી સચિવ શ્રી ધનંજય દ્વિવેદીના અધ્યક્ષસ્થાને અને જિલ્લા કલેક્ટર શ્રી એસ. કે. પ્રજાપતિની ઉપસ્થિતિમાં જિલ્લાની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં, SIR, ગામતળ દરખાસ્ત, નિર્મલ ગુજરાત યોજના અંતર્ગત સાફ-સફાઈ, જનસેવા કેન્દ્ર ખાતે આવેલ અરજીઓ, જિલ્લા - તાલુકા સ્વાગતમાં રજૂ કરવામાં આવેલ પ્રશ્નો, વિકાસ પ્રોજેક્ટ, જિલ્લા વિઝન ડોક્યુમેન્ટ, જમીન સંપાદન, ડિજિટલ ગુજરાત, મિશન મંગલમ યોજના સહિતની બાબતો સંદર્ભે વિસ્તૃત ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ જણાવ્યું હતું કે જિલ્લાના વિવિધ ગામોમાં ઉપલબ્ધ સરકારી પડતર અને ખરાબાની જમીનનું સર્વે કરાવીને જિલ્લાના ગામોમાં ગામતળ નીમ કરવામાં આવે જેથી કરીને મકાન વિહોણાને ઘરથાળના પ્લોટ આપી શકાય.આ ઉપરાંતમહેસાણા મહાનગરપાલિકા તેમજ જિલ્લાની નગરપાલિકામાં ડોર ટુ ડોર કચરા નિકાલની વ્યવસ્થાઓની સમીક્ષા કરી પ્રભારી સચિવશ્રીએ ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા સંદર્ભે યોગ્ય પગલાં લેવામાં આવે અને શહેરની જેમ ગ્રામ્ય વિસ્તાર પણ સ્વચ્છ રહે તે જોવા અધિકારીઓને સૂચિત કર્યા હતા. વધુમાં તેમણે જનસેવા કેન્દ્ર ખાતે ઉપલબ્ધ વિવિધ સેવાઓ જેવી કેઆવકનોદાખલો,જાતિ પ્રમાણપત્ર, રેશનકાર્ડ ની સેવાઓ, નોન ક્રિમિલિયર પ્રમાણપત્ર, સિનિયર સિટીઝન પ્રમાણપત્ર મેળવવા લોકોને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને રાજય સરકારની વિવિધ સેવાઓ લોકોને સરળતાથી મળી રહે તે માટે તકેદારી રાખવા અધિકારીઓને તાકીદ કરી હતી. બેઠકમાં પ્રભારી સચિવ શ્રી એ મહેસાણા જિલ્લાના વિઝન ડોક્યુમેન્ટ સંદર્ભે એજ્યુકેશન, હેલ્થ, ઈકોનોમિક, ઈન્ડસ્ટ્રીઝ, ગ્રોથ ડેવલપમેન્ટ સહિતના પેરામીટરને ધ્યાનમાં રાખીને વિઝન ડોક્યુમેન્ટ બનાવવા જણાવ્યું હતું તેમજ જિલ્લાના સ્વ સહાય જૂથોની બહેનો અને લખપતી દીદીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોડક્ટોને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે માટે પ્રયાસ કરવા પણ જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડૉ હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેક્ટરશ્રી જશવંત કે જેગોડા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અભિષેક પરમાર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઈન્ચાર્જ નિયામકશ્રી હર્ષનિધિ શાહ, પ્રાંત અધિકારીશ્રીઓ, જિલ્લા આયોજન અધિકારીશ્રી સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યારા ના યુવાનની છેલ્લા છ વર્ષથી જન્મદિવસ અનોખી ઉજવણી



કમલમ્,

સેવા પરમો ધર્મ ના વિધાનને સાચું ઠેરવતા વ્યારા ના સામાજિક અને રાજકીય કર્મિષ્ઠ યુવાન એવા અક્ષય પંચાલ છેલ્લા છ વર્ષોથી પોતાના દરેક જન્મદિવસ ની અનોખી રીતે ઉજવણી કરે છે,આજે પહેલી જાન્યુઆરીના રોજ પોતાના જન્મદિવસ નિમિત્તે વ્યારા ના મારુતિ ધામ ગૌશાળામાં ૨૫ થી વધુ ગૌમાતાને રોટલી અને ઘાસચારો અર્પણ કરીને શરૂઆત કર્યા બાદ સતત છ વર્ષ થી અવિરતપણે કરાતા બ્લડ ડોનેશન કેમ્પ મા શ્રી એલ.કે.પટેલ બ્લડ બેંકના સહયોગ દ્વારા આ વર્ષે પોતાના ૩૧માં જન્મદિવસની ૩૧ યુનિટ બ્લડ ડોનેશન કરી ને આ સાચા અર્થ મા પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો, જેમાં મિત્રો, સ્થાનિક મહોલ્લા વાસીઓ અને નગર ના અનેક રાજકીય અને સામાજિક આગેવાનો એ ઉપસ્થિતિ આપી કાર્યક્રમને શોભાવ્યો હતો,સાથે જ રકતદાન જેવું મહાદાન કરનાર દરેક રક્ત દાતાને રિટર્ન ગિફ્ટ અને અલ્કાલાઈન પાણીની બોટલ નુ વિતરણ કરી સૌ રકતદાતા મિત્રો ના જુસ્સાને બિરદાવી એમનું સન્માન કર્યું હતું, આજના સમયમાં જ્યારે પોતાના સગા સંબંધીઓ પણ કપરા સમયમાં સાથ નથી આપતા ત્યારે યુવા આગેવાન અક્ષય પંચાલ દ્વારા છ વર્ષોથી કરાતી આ અનોખી ઉજવણી એ સેવા જ સંકલ્પ હોવાનું પ્રતિત છે.





કમલમ્,

સમસ્ત પ્રજાપતિ પરિવાર તથા બ્રહ્માણી યુવક મંડળ, વનાસણ ગામ દ્વારા આયોજિત શ્રી બ્રહ્માણી માતાજીના ફોટો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ` ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહીને અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવી. આ પાવન અવસરે માતાજીના આશીર્વાદ પ્રાપ્ત થયા અને સમગ્ર કાર્યક્રમ ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહથી પરિપૂર્ણ રહ્યો. આવા ધાર્મિક અને સામાજિક આયોજનોથી સમાજમાં એકતા, સંસ્કાર અને આધ્યાત્મિક ભાવના વધુ મજબૂત બને તેવી શુભેચ્છા. આ કાર્યક્રમમાં શ્રી વિનુભાઈ પ્રજાપતિ, શ્રી સોમાજી ઠાકોર, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી દિલીપજી ઠાકોર, શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી જસુભાઈ પટેલ, શ્રી મનીષભાઈ પ્રજાપતિ, શ્રી હીરાભાઈ પ્રજાપતિ, શ્રી ધર્મેન્દ્રભાઈ પ્રજાપતિ, શ્રી રમેશભાઈ પ્રજાપતિ, શ્રી કાંતિભાઈ પ્રજાપતિ તમેજ સંગઠનના હોદ્દેદારો, વરિષ્ઠ આગેવાનો, તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય બજેટ અંગે સુરત મહાનગર ખાતે વિવિધ જગ્યાઓ પર જીવંત પ્રસારણ કાર્યક્રમ યોજાયા

## ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર દ્વારા પ્રત્યેક વોર્ડ માં બજેટ અંગે જીવંત પ્રસારણ કાર્યક્રમ યોજવામાં આવ્યા



કમલમ્,

સુરત મહાનગર ખાતે વિવિધ જગ્યાઓ પર બજેટ અંગે જીવંત પ્રસારણ કાર્યક્રમો યોજાયા હતા

જેમાં સમૃદ્ધિ ભવન નાનપુરા ખાતે સુરત મહાનગર અધ્યક્ષ શ્રી પરેશ પટેલ મેયર શ્રી દક્ષેશ માવાની સ્થાયી સમિતિ ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ દક્ષિણ ઝોનના સંયોજક શ્રી જગદીશ પટેલ સહિત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખીલ મદ્રાસી ચેમ્બર ની સમગ્ર ટીમ સાથે ઉપસ્થિત રહી જીવંત પ્રસારણ નિહાળ્યું હતું શહેર ના ભાજપ હોદ્દેદાર શ્રી ઓ વેપાર જગત સાથે સંકળાએલ અગ્રણી ઓ પણ ઉપસ્થિત રહ્યા હતા તથા ઈંડિયા ડાયમંડ ઈન્સ્ટિટ્યુટ સુમુલ ડેરી રોડ ખાતે ધારાસભ્ય શ્રી પ્રવિણ ઘોઘારી તથા ડાયમંડ એસોસિએશન ના પ્રમુખ શ્રી દિનેશ નાવડીયા ઉપસ્થિત રહ્યા હતાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે બજેટ અંગે જીવંત પ્રસારણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ધારાસભ્ય શ્રી સંદીપ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બજેટ માં રજૂ થયેલ મુદ્દાઓ નીચે મુજબ છે

- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા સામાન્ય લોકોને પ્રાધાન્ય આપ્યું છે. તેમના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું આ બજેટ છે.
- નાણાંમંત્રી શ્રીમતિ નિર્મલા સિતારામનજીએ સતત નવમી વાર બજેટ રજૂ કર્યું
- કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું આ બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે.
- તેમાં ગ્યાન એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશકિત' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે.
- આ ત્રણ કર્તવ્યોમાં સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને "સૌના સાથ, સૌના વિકાસના" મંત્રથી આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેકનોલોજી, સેમિકન્ડકટર, ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે.
- પૂર્વ ભારતના દાનકુનીથી સુરત સુધીના ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરથી રાજ્યના વ્યાપાર-ઉદ્યોગ અને ઉત્પાદન ક્ષેત્ર માટે ઝડપી લોજિસ્ટીકસ સેવાઓ મળતી થશે.
- ટેક્સટાઈલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી ૬ જેટલી યોજનાઓનો લાભ ગુજરાતના ટેક્સટાઈલ સેક્ટરને મળશે.
- એમ.એસ.એમ.ઈ. પર ભાર મૂકવામાં આવ્યો છે તેનાંથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટો ફાયદો થશે.
- મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાતના મેન્યુફેકચરીંગ સેક્ટરને બૂસ્ટ અપ કરશે.
- ત્રણ કેમિકલ પાર્ક્સની જાહેરાત તથા બાયોફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જે જાહેરાત થઈ છે તેનો પણ લાભ ગુજરાતના આ ક્ષેત્રના ઉદ્યોગોને મળશે.
- ગુજરાત દેશમાં મ્યુનિસીપલ બોન્ડ ઈશ્યૂમાં અગ્રેસર રહ્યું છે
- આ બજેટમાં મ્યુનિસીપલ બોન્ડ માટે જે પ્રોત્સાહન જાહેર થયાં છે તેનો લાભ ગુજરાતની મ્યુનિસીપાલીટીઝને પણ મળશે.
- ૫ લાખથી વધુ વસ્તી વાળા ટીયર-ટુ અને ટીયર-થ્રી શહેરોને સિટી ઈકોનોમિક રિજીયોન બનાવવાની જાહેરાતથી રાજ્યના નાના શહેરોનો સુગ્રથિત વિકાસ વેગવંતો બનશે.
- જામનગરનાં ગ્લોબલ ટ્રેડીશનલ મેડિસીન સેન્ટરને અપગ્રેડ કરવાની જાહેરાતથી પરંપરાગત ઔષધિઓના સંશોધનનો વ્યાપ વિશ્વભરમાં થશે.
- લોથલ અને ધોળાવીરાનો દેશની ૧૫ પુરાતત્વીય વિરાસત કલસ્ટર ટુરીઝમ ડેવલોપમેન્ટમાં સમાવેશ થયો છે તેનાંથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે.
- આ બજેટમાં પણ કરદાતાઓનાં સન્માનનો ખ્યાલ રાખીને પ્રામાણિકતા વધે તે દિશામાં કરવેરા ભરવામાં રહેલી ક્ષતિને ગુનો નહીં પરંતુ ભૂલ ગણીને સજાના બદલે દંડની જોગવાઈ કરી છે.
- દેશમાં ૨૦ આઈકોનિક પ્રવાસન સ્થળો માટે ૧૦હજાર ટુરીસ્ટ ગાઈડ તૈયાર કરવાની યોજનાથી ગુજરાતના આઈકોનિક ટુરિસ્ટ પ્લેસીઝમાં સ્થાનિક રોજગારીની તકો વધશે.
- કૃષિ, પશુપાલન-મત્સ્યોદ્યોગ, સ્વસહાય જૂથો, ગ્રામીણ અર્થતંત્ર, સૌના વિકાસને પ્રાધાન્ય અપાયું છે.
- વડાપ્રધાનશ્રીએ હંમેશા કરદાતાઓનું સન્માન કર્યું છે અને તેમને દેશના વિકાસના ચાલક બળ ગણાવ્યાં છે.
- સમગ્રતયા આ બજેટ સર્વસમાવેશી, સર્વ સ્પર્શીય અને સામાન્યમાં સામાન્ય માનવી સહિત સૌના સર્વગ્રાહિ વિકાસ, કલ્યાણ તથા વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના તેમના યોગદાનને વધુ પ્રેરણા આપતું બજેટ છે.

# વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને પોરબંદરમાં રાજયકક્ષાના ૮ મા આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર'નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

**વેટલેન્ડ્સ એ માત્ર જળાશયો નથી, પણ પૃથ્વીની જીવનરેખા છે; તેને બચાવવા એ આપણી નૈતિક ફરજ છે. - મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા**






**પોરબંદરએ કુદરતી વેટલેન્ડ્સનો ખજાનો છે; આ પક્ષી અભયારણ્યો અને જળાશયોનું જતન જરૂરી છે - મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા**

કમલમ્,પોરબંદર

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (GEER) ફાઉન્ડેશન દ્વારા સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે 'વિશ્વ વેટલેન્ડ દિવસ' ના પૂર્વે દિને 'વેટલેન્ડ્સ એન્ડ ટ્રેડિશનલ નોલેજ: સેલિબ્રેટિંગ કલ્ચરલ હેરીટેજ' વિષય પર બે દિવસીય '૮માં આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. આ ઉદ્ઘાટન સેમીનારના અધ્યક્ષ સ્થાને વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વેટલેન્ડ્સના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લો કુદરતી રીતે સમૃદ્ધ છે અને અહીં ૨૨૫ થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ આવેલા છે. વેટલેન્ડ્સ એ માત્ર જળાશયો નથી પણ પૃથ્વીની સુરક્ષા માટે અનિવાર્ય છે, તેથી તેમણે શાળાઓમાં 'વેટલેન્ડ ક્લબ' બનાવી નવી પેઢીને પ્રકૃતિ સાથે જોડવા પર ભાર મૂક્યો હતો. પ્રકૃતિ અને વન્યજીવોના રક્ષણ વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે દરેક જીવનું કુદરતી ચક્રમાં આગવું મહત્વ છે. તેમણે ઉદાહરણ આપ્યું કે સાપ જેવી રીતે ઉંદરો પર નિયંત્રણ રાખીને અનાજનો બગાડ અટકાવે છે, જે પ્રત્યક્ષ રીતે માનવજાતને મદદરૂપ છે. વધુમાં, ધરમપુર ખાતેના રિસર્ચ સેન્ટરમાં સાપના ઝેરમાંથી એન્ટી-વેનમ દવાઓ બનાવવાનું જે કાર્ય થઈ રહ્યું છે, તે વિજ્ઞાન અને પ્રકૃતિના સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગુજરાતમાં પર્યાવરણીય સિદ્ધિઓની ચર્ચા કરતા મંત્રીશ્રીએ નોંધ્યું કે રાજ્યમાં સિંહોની વસ્તીમાં ૩૨% નો નોંધપાત્ર વધારો થયો છે અને હવે બરડા અભયારણ્ય પણ સિંહોનું બીજું ઘર બની રહ્યું છે. રાજ્ય સરકારના આગામી આયોજનો અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું કે ગુજરાતમાં રામસર સાઈટ્સની સંખ્યા વધી રહી છે અને તાજેતરમાં કચ્છના 'છારી-ઢંઢ' ને પાંચમી રામસર સાઈટ તરીકે માન્યતા મળી છે. આગામી સમયમાં પોરબંદરના મોકર સાગર અને મેઢાક્રીકને પણ આ વૈશ્વિક યાદીમાં સ્થાન અપાવવા માટે સરકાર પ્રયત્નશીલ છે. આ ઉપરાંત, પર્યાવરણીય પર્યટનને વેગ આપવા રંગબાઈ માતાના મંદિર પાસે ૨૧ કરોડના ખર્ચે સાંસ્કૃતિક વન તૈયાર કરવામાં આવી રહ્યુ છે, જે ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. અંતમાં તેમણે પર્યાવરણને માતા સમાન ગણાવી તેની જાળવણી માટે સૌને પ્રતિજ્ઞા લેવા આહવાન કર્યુ હતું. મંત્રીશ્રીએ સંતો પણ પ્રકૃતિના રક્ષણ માટે પર્યાવરણ જાગૃતિમાં મહત્વનું કાર્ય કરી રહ્યા છે જે અંગે હર્ષની લાગણી વ્યક્ત કરી શ્રી મોરારીબાપુ અને ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના પર્યાવરણ જાગૃતિના કાર્યો અને લોકોમાં જાગૃતિ આવે તે માટેના સેવા યજ્ઞને નોંધપાત્ર ગણાવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન ખીજડીયા વન્યજીવ અભયારણ્યમાં પ્રજનન કરતા સ્થાનિક -સ્થળાંતરિત ભયગ્રસ્તઅને ભયનીનજીક રહેલા જળચર પક્ષીઓ માટે વેટલેન્ડ હેબિટેટ એસેસમેન્ટ, દક્ષિણ ગુજરાતની મુખ્ય નદીઓના મુખપ્રદેશો (Estuaries) નું ઈકોલોજીકલ મોનિટરિંગ, ગોસાબારા - મોકરસાગર વેટલેન્ડ: ગોસા બારા - મોટરસાગર વેટલેન્ડનું ઈકોલોજીકલ મોનિટરિંગ , મોકરસાગર વેટલેન્ડ સહિતના માહિતીસભર રિપોર્ટનું પુસ્તક રૂપે સાથે - સાથે ગુજરાતના સુંદર પુષ્પો ધરાવતા વૃક્ષો, સાપ અને માનવ: ભયથી સમજ અને સહઅસ્તિત્વ તરફ અને હિંગોળગઢ: પ્રકૃતિથી પ્રેરણા અને શિક્ષણથી સંરક્ષણ તરફ વિષય અંગે ડોક્યુમેન્ટ્રી ફિલ્મનું મંત્રીશ્રીના હસ્તે ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. "CCF ડૉ. એ.પી. સિંહ પ્રિન્સિપાલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (PCCF) શ્રી ડૉ. એ. પી. સિંહ (IFS) એ વેટલેન્ડના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, ભારત એક 'મેગા બાયો ડાયવર્સિટી' ધરાવતો દેશ છે, જયાંના દરેક ક્ષેત્ર પોતાની આગવી ઈકોસિસ્ટમ માટે વિશ્વભરમાં વિશિષ્ટ ઓળખ ધરાવે છે. આ પ્રાકૃતિક વારસાને અને વેટલેન્ડને આગામી પેઢી સુધી સુરક્ષિત રીતે પહોંચાડવા માટે અત્યારથી જ તેના જતન અંગે ગંભીર ચર્ચા અને નક્કર આયોજન કરવુંઅનિવાર્ય છે.તેમણે ગૌરવભેર નોંધ્યું હતું કે, ભારતનો ૨૨ ટકા જેટલો વિશાળ વેટલેન્ડ એરિયા એકલા ગુજરાત પાસે છે, જે રાજ્યની પર્યાવરણીય સમૃદ્ધિ દર્શાવે છે. વિશેષ કરીને પોરબંદર જિલ્લાની ભૌગોલિક વિવિધતાની પ્રશંસા કરતા ડૉ. સિંહે ઉમેર્યુ કે, પોરબંદર એક અદભૂત સ્થળ છે જ્યાં ત્રણેય પ્રકારના વેટલેન્ડ જોવા મળે છે.આ જ કારણ છે કે પોરબંદર આજે 'ફ્લેમિંગો સિટી' તરીકે લોકપ્રિય બન્યું છે.

વધુમાં, પોરબંદરનું રત્ન ગણાતા ગોસાબારા મોકરસાગર વેટલેન્ડને આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી 'રામસર સાઈટ' તરીકે જાહેર કરવાની પ્રક્રિયા ગતિમાં છે. આ દરજ્જો મળવાથી આ વિસ્તારના સંવર્ધન અને ઈકો-ટુરિઝમને વૈશ્વિક ફલક પર નવું બળ મળશે. વન્યજીવ વિભાગના પી.સી.સી.એફ. (PCCF) ડૉ. જયપાલ સિંહ (IFS) એ પોરબંદરની પર્યાવરણીય ધરોહરને બિરદાવતા જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લો એ ખરા અર્થમાં વેટલેન્ડનો પર્યાય છે. અહીંની ભૌગોલિક વિશેષતા એવી છેકે પોરબંદરમાંજાણે 'ઘરેઘરે વેટલેન્ડ' હોય તેવી સ્થિતિ જોવા મળે છે.

જિલ્લામાં ૨૨૫ થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ આવેલા છે, જે સ્થાનિક ઈકો-સિસ્ટમ માટે કરોડરજ્જુ સમાન છે. વેટલેન્ડના વ્યાપ અને તેની અનિવાર્યતા સમજાવતા તેમણે ઉમેર્યું હતું કે, આ જળપ્લાવિત ક્ષેત્રો એક 'સેલ્ફ આસિસ્ટન્ટ સિસ્ટમ' તરીકે કાર્ય કરી પ્રકૃતિનું સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. વધુમાં તેમણે વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગ સહિત વિવિધ ફાઉન્ડેશનો અને વિષય નિષ્ણાતો દ્વારા કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી. ખાસ કરીને પર્યાવરણ જાળવણીના ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના સમર્પણને બિરદાવી, તેમણે આ સફળ આયોજન બદલ ગીર ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી બી. પી. પતી દ્વારા બે દિવસીય આંતરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનારની પ્રસ્તાવના રજૂ કરી હતી. સાથે વેટલેન્ડનું મહત્વ અને આ સેમિનાર માટે પોરબંદર જિલ્લાની ભૌગોલિક વિશેષતાઓ અંગે તેમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ગુજરાત રાજ્યના દરિયાકાંઠાના જિલ્લા પોરબંદરમાં આયોજિત કરવામાં આવ્યો છે, જે તેની વૈવિધ્યસભર વેટલેન્ડ (જળપ્લાવિત વિસ્તાર) ઈકોસિસ્ટમ અને દરિયાકાંઠાના રહેઠાણોને કારણે નોંધપાત્ર ઈકોલોજીકલ મહત્વ ધરાવે છે. પોરબંદર પક્ષી અભયારણ્ય અને ગોસાબારા- મોકરસાગર વેટલેન્ડ જેવા અગ્રણી વેટલેન્ડ્સ નિવાસી અને સ્થળાંતર કરનારા જળચર પક્ષીઓના વિશાળ સમૂહના યજમાન તરીકે જાણીતા છે. સદીઓથી, સ્થાનિક માછીમારો અને ખેડૂત સમુદાયો આ વેટલેન્ડ સંસાધનોના ટકાઉ ઉપયોગ અને સંચાલન માટે પરંપરાગત ઈકોલોજીકલ જ્ઞાન પર નિર્ભર રહ્યા છે. વિશ્વ વેટલેન્ડ દિવસ ૨૦૨૬ ની થીમ, "વેટલેન્ડ્સ અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાની ઉજવણી" ના સંદર્ભમાં, પોરબંદર એ સાંસ્કૃતિક વારસા અને વેટલેન્ડ ઈકોસિસ્ટમના સુમેળભર્યા સહઅસ્તિત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ બાબત તેને ૮મી ઈન્ટરનેશનલ સેમિનાર-કમ-વર્કશોપ માટે એક આદર્શ સ્થળ બનાવે છે. ઉદ્ઘાટન સમારોહ બાદ ટેકનિકલ શેસનમાં વિવિધ તજજ્ઞોએ વેટલેન્ડ સંરક્ષણ માટેના ભાવિ રોડમેપ અંગે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા, PCCF શ્રી રમણ મૂર્તિ, નેશનલ વાઈલ્ડ બોર્ડ સ્ટેન્ડિંગ કમિટીના મેમ્બર શ્રી એચ.એસ. સિંઘ, પોરબંદર જિલ્લા કલેકટર શ્રી એસ. ડી. ધાનાણી, પોરબંદર મનપા કમિશનર શ્રી હસમુખ પ્રજાપતિ, નિવાસી અધિક જિલ્લા કલેક્ટર શ્રી રેખાબા સરવૈયા, પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ડૉ. ચેતનાબેન તિવારી તેમજ વન વિભાગ પોરબંદર જુનાગઢ અને ગાંધીનગરના અધિકારીઓ, સાંદિપની ના ઋષિ કુમારો, પર્યાવરણ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. પોરબંદરના એ.સી.એફ શ્રી રાજલ પાઠક, સામત ભમર અને ટીમે જરૂરી સંકલન કર્યું હતું. વિવિધ તજજ્ઞો અને પર્યાવરણ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વેટલેન્ડ સંરક્ષણ માટેના ભાવિ રોડમેપ અંગે ચર્ચા કરી હતી.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું બજેટ છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નાણાંમંત્રી શ્રીમતિ નિર્મલા સીતારમન દ્વારા રજૂ કરાયેલું ૨૦૨૬-૨૭ના વર્ષનું બજેટ વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું બજેટ છે તેવો સ્પષ્ટ મત મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યકત કર્યો હતો. કેન્દ્રીય બજેટ અંગે પ્રતિભાવમાં તેમણે કહ્યું કે, કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે. આ ત્રણ કર્તવ્યોમાં, પ્રથમ કર્તવ્ય આર્થિક વિકાસને વેગ આપીને તેને ટકાવી રાખવાનું, બીજું કર્તવ્ય લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા અને તેમની કેપેસિટી બિલ્ડીંગનું છે. ત્રીજું કર્તવ્ય, સૌના સાથ, સૌના વિકાસના વિઝન સાથે સુસંગત છે અને કૃષિ, પશુપાલન-મત્સ્યોદ્યોગ, સ્વસહાય જૂથો, ગ્રામીણ અર્થતંત્ર, સૌના વિકાસને પ્રાધાન્ય આપે છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યુંકે, આ બજેટમાં ગ્યાન એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે. એટલું જ નહિ, સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને વિકસિત ભારતના નિર્માણમાં આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે. મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ કેન્દ્રીય બજેટ અંતર્ગત ગુજરાતને ભવિષ્યમાં થનારા ફાયદાઓને આવકારતા કહ્યું કે, લોથલ અને ધોળાવીરાનો દેશના પુરાતત્વીય વિરાસત કલસ્ટર ટુરીઝમ ડેવલપમેન્ટમાં સમાવેશ થાયો છે તેનાંથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે. દેશમાં ૨૦ આઈકોનિક પ્રવાસન સ્થળો માટે ૧૦ હજાર ટુરીસ્ટ ગાઈડ તૈયાર કરવાની યોજનાથી ગુજરાતના આઈકોનિક ટુરિસ્ટ પ્લેસીઝમાં પણ

**:: મુખ્યમંત્રીશ્રી ::**

- **કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપે છે.**
- **સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને "સૌના સાથ, સૌના વિકાસના" મંત્રથી આવરી લેવાનો સરાહનીય અભિગમ.**
- **લોથલ અને ધોળાવીરાનો પુરાતત્વીય વિરાસત ક્લસ્ટર ટુરીઝમ ડેવલોપમેન્ટમાં સમાવેશ થવાથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે.**
- **૫ લાખથી વધુ વસ્તીવાળા ટીયર-ટુ અને ટીયર-થ્રી શહેરોને સિટી ઇકોનોમિક રિજીયન બનાવવાની જાહેરાતથી રાજ્યના નાના શહેરોનો સુગ્રથિત વિકાસ વેગવંતો બનશે**
- **MSMEથી લઈને મોટા ઊદ્યોગ, સૌને માટે પ્રોત્સાહક બજેટ છે.**
- **ટેક્સટાઇલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી ૬ જેટલી યોજનાઓનો લાભ ગુજરાતના ટેક્સટાઇલ સેક્ટરને મળશે.**



સ્થાનિક રોજગારીની તકો વધશે. મુખ્યમંત્રીશ્રીએ આ બજેટને શહેરી વિકાસને નવી દિશા આપનારું બજેટ ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ કે, શહેરી ઉત્કર્ષ માટે વડાપ્રધાન શ્રીની અતૂટ સંકલ્પબદ્ધતા આ બજેટમાં પ્રતિબિંબિત થઈ છે. ૫ લાખથી વધુ વસ્તી વાળા ટીયર-ટુ અને ટીયર-થ્રી શહેરોને સિટી ઈકોનોમિક રિજીયન બનાવવાની જાહેરાતથી રાજયના નાના શહેરોનો સુગ્રથિત વિકાસ વેગવંતો બનશે એવી આશા પણ મુખ્ય મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. ગુજરાત દેશમાં મ્યુનિસીપલ બોન્ડ ઈશ્યૂમાં અગ્રેસર રહ્યું છે તેનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ બોન્ડ માર્કેટને સુદ્રઢ કરવામાટે કેન્દ્ર સરકારનું પ્રશંસનીય કદમ છે. આ બજેટમાં મ્યુનિસીપલ બોન્ડ માટે જે પ્રોત્સાહન જાહેર થયાં છે તેનો લાભ ગુજરાતની મ્યુનિસીપાલીટીઝને પણ મળશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, આ બજેટ MSMEથી લઈને મોટા ઊદ્યોગ, સૌને માટે પ્રોત્સાહક બજેટ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે અને એમ.એસ.એમ.ઈ. પર ભાર મૂકવામાં આવ્યો છે તેનાંથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટો ફાયદો થશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાતના મેન્યુફેક્ચરીંગ સેક્ટરને બૂસ્ટ અપ કરશે તેમજ ટેકસટાઈલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી ૬ જેટલી યોજનાઓનો લાભ પણ રાજ્યના ટેકસટાઈલ સેક્ટરને મળશે. આ ઉપરાંત, ત્રણ કેમિકલ પાર્ક્સની જાહેરાત તથા બાયોફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જે જાહેરાત થઈ છે તેનો પણ લાભ ગુજરાતના આ ક્ષેત્રના ઉદ્યોગોને મળશે. ઓડિશા, કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં ડેડિકેટેડ રેર અર્થ કોરિડોર બનાવવાની જે જાહેરાત થઈ છે તેનાથી દેશની ક્રિટિકલ મિનરલ્સની જરૂરિયાતમાં આત્મનિર્ભરતાનું વધુ એક કદમ સાબિત થશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. કેન્દ્ર સરકારે મુખ્ય ઔદ્યોગિક અને લોજિસ્ટિક કોરિડોરની નજીક ૫ યુનિવર્સિટી ટાઉનશીપ બનાવવાની આ બજેટમાં જાહેરાત કરી છે. બહુવિધ યુનિવર્સિટીઓ, કોલેજો, સંશોધન સંસ્થાઓ, કૌશલ્ય કેન્દ્રો અને રહેણાંક સંકુલ સહિતના આ આયોજિત શૈક્ષણિક ઝોનથી રાજ્યોની સ્કિલ ઈકોસિસ્ટમને બળ મળશે તેવો મત શ્રી ભૂપેન્દ્ર પટેલે દર્શાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર દ્વારા સુરતને પૂર્વ ભારતના દાનકુની સાથે જોડવાની જાહેરાત લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાની દિશામાં એક 'માસ્ટરસ્ટ્રોક' સાબિત થશે. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત પાસે હવે પૂર્વ ભારત તરફ વેપાર કરવા માટે 'હાઈ-સ્પીડ' કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે, તે રાજ્યના વેપાર અને અર્થતંત્રને અભૂતપૂર્વ ગતિ આપશે. આ ઉપરાંત ૨૦ નવા નેશનલ વોટર વેઝ બનાવવાની જાહેરાતથી દેશમાં જળમાર્ગે પણ કનેક્ટિવિટી વધુ સુદ્રઢ થશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ખાદી, હાથશાળ અને હસ્તકલાને સુદ્રઢ બનાવવા માટે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ પહેલ શરૂ કરવાનો પ્રસ્તાવ આ બજેટમાં રજૂ કરવામાં આવ્યો છે. આના પરિણામે સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક બજાર જોડાણ અને બ્રાન્ડિંગમાં મદદ મળશે. લીમ, કૌશલ્ય, પ્રોસેસ અને ઉત્પાદનની ગુણવત્તા સંગીન થશે. એટલું જ નહિ, વણકરો, ગ્રામ્ય ઉદ્યોગો, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અને ગ્રામીણ યુવાનોને લાભ થશે તેમ પણ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રીએ હંમેશા કરદાતાઓનું સન્માન કર્યુ છે અને તેમને દેશના વિકાસના ચાલક બળ ગણાવ્યાં છે. આ બજેટમાં પણ કરદાતાઓનાં સન્માનનો ખ્યાલ રાખીને પ્રામાણિકતા વધે તે દિશામાં કરવેરા ભરવામાં રહેલી ક્ષતિને ગુનો નહીં પરંતુ ભૂલ ગણીને સજાના બદલે દંડની જોગવાઈ કરી છે તે પણ પ્રસંશનીય છે. મુખ્ય મંત્રીશ્રીએ સમગ્રતયા સર્વસમાવેશી, સર્વ સ્પર્શીય અને સામાન્યમાં સામાન્ય માનવી સહિત સૌના સર્વગ્રાહિ વિકાસ, કલ્યાણ તથા વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના તેમના યોગદાનને વધુ પ્રેરણા આપનારા બજેટ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય નાણાંમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે કેન્દ્રિય બજેટનું જીવંત પ્રસારણ

**પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે કેન્દ્રિય બજેટ સંદર્ભે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઇ વિશ્વકર્માજીની વિશેષ ઉપસ્થિતિમાં રાજયના મંત્રીશ્રીઓ, નામાંકિત ચાર્ટડ એકાઉન્ટ, ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ, બિઝનેસમેન, અર્થશાસ્ત્રીઓ, શિક્ષણવિદો તબીબો અને સમાજના શ્રેષ્ઠીઓએ કેન્દ્રિય બજેટનું જીવંત પ્રસારણ નિહાળ્યું.**



કમલમ્,

પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીની અધ્યક્ષતામાં તેમજ માનનીય સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં રાજયના નામાંકિત અર્થશાસ્ત્રીઓ, શિક્ષણવિદ, ઉદ્યોગકારો, ચાર્ટડ એકાઉન્ટટન્ટ, તબીબો અને સમાજના શ્રેષ્ઠીઓ સાથે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, કેન્દ્રિય નાણામંત્રીશ્રી નિર્મલા સિતારમણજી દ્વારા રજૂ થયેલ બજેટને સામુહિક રીતે નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આદરણીયશ્રી પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વવાળી સરકાર દ્વારા રજૂ થયેલા બજેટને આવકારતા ભારતના સર્વાંગી વિકાસનો રોડ-મેપ ગણાવ્યું હતું તેમજ ભારતના આર્થિક સામાજીક વિકાસની સાથે સાથે ગરિબ, યુવા,અન્નદાતા અને નારિશક્તિને સશક્ત કરતા આ બજેટને આવકાર્યુ હતું. બજેટની રજૂઆતબાદ તમામ શ્રેષ્ઠીઓ,ઉદ્યોગપતિઓ,અર્થશાસ્ત્રી અને શિક્ષણવિદોએ બજેટનો સમાજના દરેક વર્ગ યુવા,મહિલા,ખેડૂત અને ગરિબો માટે કલ્યાણકારી તેમજ વિશ્વની હાલની પરિસ્થિતિમાં ભારતને આર્થિક વિકાસતરફ દોરી જનારુ ગણાવ્યું તથા આ બજેટ શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે એક અગત્યનો માઈલ સ્ટોન પુરવાર થશે તેવો મક્કમ નિર્ધાર વ્યકત કરી બજેટને આવકાર્યુ હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત પ્રદેશના સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, રાજયના મંત્રીશ્રીઓ શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી પ્રવિણભાઈ માળી, શ્રી દર્શનાબેન વાઘેલા, પ્રદેશ મહામંત્રીશ્રી ડો.પ્રશાંતભાઈ કોરાટ, પ્રદેશ મુખ્ય પ્રવકતાશ્રી ડો. અનિલભાઈ પટેલ કેન્દ્રિય બજેટ જનજાગરણ અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ શ્રી જૈનિકભાઈ વકીલ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

**તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૬, રવિવારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીએ કર્તવ્ય ભવન ખાતેથી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રજૂ કરેલા રૂ.૫૩.૫૦ લાખ કરોડના સર્વસમાવેશી અને સર્વસ્પર્શી બજેટનું ગાંધીનગર મહાનગર ભાજપા કાર્યાલય, સે.૮ ખાતે શહેર ભાજપા અધ્યક્ષશ્રી ડો. આશિષકુમાર દવેના અધ્યક્ષસ્થાને પ્રબુદ્ધ નાગરિકોની ઉપસ્થિતિમાં સમૂહિક રીતે જીવંત પ્રસારણ નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ, સંગઠન અને મહાનગરપાલિકાના સંગઠનના હોદ્દેદારો, શહેરના સીએ, ઉદ્યોગપતિ, તબીબ, વકીલ સહિતના પ્રબુદ્ધ નાગરિકોએ ઉપસ્થિત રહી યુવા, મહિલા, ખેડૂત, શ્રમિક તેમજ ઉદ્યમીઓના હિત અને વિકસિત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાના રોડમેપ સમા બજેટને નિહાળ્યું હતું.**

•Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L801/1, Gidc,Sector -28, Gandhinagar •Published -At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028